
RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 08-09-2026 I VOL : 12 I Issue : 173 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક





Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

વિધા સહાયક ભરતીમાં રોસ્ટર મુદ્દે ઉમેદવારોનો આક્રોશ:SC, ST અને OBC ઉમેદવારોનું...

4

આયર્ન લેડી ઓફ ગુજરાત આઈપીએસ ગીતા જોહરી -વર્દીનો વટ, વર્ચસ્વ...

6

નોરા ફતેહીને ચાર્ટર્ડ પ્લેનને 'રમકડું' કહેવું ભારે પડ્યું, ગાંધીનગર કોર્ટમાં...

7

પાકિસ્તાન ક્રિકેટ વેન્ટિલેટર પર: શોએબ અખ્તર

## એક નજર...

### અભિનેત્રી મેઘા શુક્લાએ શોર્ટ્સમાં આપ્યા ગ્લેમરસ પોઝ



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

## NEWS TRACK

### મિયામી એરપોર્ટ પર રનવે ક્રોસ કરી આગળ નીકળી ગયું પ્લેન, ગાડીઓ સાથે અથડાતા 5 લોકોના મોત

અમેરિકાના મિયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક બોઈંગ કાર્ગો પ્લેન લેન્ડિંગ પછી રનવે પરથી બહાર નીકળી ગયું. આ દરમિયાન પ્લેન ઘણી ગાડીઓ સાથે અથડાયું અને તેમાં ભીષણ આગ લાગી ગઈ. અકસ્માતમાં ઓછામાં ઓછા 5 લોકોના મોત થયા, જ્યારે અન્ય 5 ઘાયલ થયા છે. તેમાંથી 3ની હાલત ગંભીર છે. CNNના રિપોર્ટ અનુસાર અકસ્માત સ્થાનિક સમય અનુસાર રવિવારે બપોરે લગભગ 2 વાગ્યે થયો. આ પ્લેન એમેઝોનના પ્રાઈમ એર નેટવર્ક માટે સંચાલિત થઈ રહ્યું હતું. વિમાન પ્યુર્ટો રિકોના લુઈસ મુનોઝ મારિન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરીને મિયામી પહોંચ્યું હતું. વિમાનની ઝપેટમાં આવેલી ઘણી ગાડીઓમાં લોકો ફસાઈ ગયા હતા. તે જ સમયે, વિમાનના પાયલટ અને કો-પાયલટ પણ કોકપિટમાં ફસાયેલા હતા. મિયામી-ડેડ ફાયર રેસ્ક્યુની 60 થી વધુ યુનિટ ઘટનાસ્થળે પહોંચી. લગભગ 200 થી વધુ ઈમરજન્સી કર્મચારીઓને બચાવ અભિયાનમાં લગાવવામાં આવ્યા. ટીમોએ ખાસ ફોમની મદદથી વિમાનમાં લાગેલી આગ બુઝાવી અને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા.

### ટ્રમ્પના ઈરાન વિરુદ્ધ 1 કલાકમાં 7 પોસ્ટ:ઈરાની નકશા પર પોતાની તસવીર લગાવી લખ્યું- બાય-બાય ખાર્ગ

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ સોશિયલ મીડિયા પર લગભગ 1 કલાકમાં એક પછી એક 7 પોસ્ટ કરી. આ પોસ્ટ્સમાં તેમણે ઈરાનની નબળી અર્થવ્યવસ્થા, ઘટતી તેલ નિકાસ અને નબળી પડતી કરન્સીને નિશાન બનાવી. ટ્રમ્પે ઈરાનના નકશા પર પોતાની તસવીર લગાવીને પણ પોસ્ટ કરી. સૌથી વધુ ધ્યાન ખાર્ગ દ્વીપ સાથે જોડાયેલી AI તસવીરે ખેંચ્યું, જેમાં તેલ ઠેકાણાઓ પર બોમ્બમારો થતો દેખાડવામાં આવ્યો હતો અને લખ્યું હતું- બાય-બાય ખાર્ગ. ટ્રમ્પે એક ગ્રાફિક શેર કરીને દાવો કર્યો કે હોર્મુઝમાંથી હવે લગભગ 1.8 કરોડ બેરલ તેલ રોજ પસાર થઈ રહ્યું છે, જ્યારે પહેલા આ આંકડો લગભગ 2 કરોડ બેરલ પ્રતિદિન હતો. ટ્રમ્પે ઈરાનના તેલ નિકાસનું ગ્રાફિક શેર કર્યું. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે 2025ની શરૂઆતમાં લગભગ 20 લાખ બેરલ પ્રતિદિનની નિકાસ 2026માં ઘટીને લગભગ શૂન્ય સુધી પહોંચી ગઈ છે. ગ્રાફિકમાં વચ્ચે થોડો સુધારો દર્શાવવામાં આવ્યો છે, પરંતુ ત્રીજા ક્વાર્ટરમાં નિકાસ ફરીથી ખૂબ જ નીચા સ્તરે આવતી જોવા મળી રહી છે.

## દુશ્મનો સાવધાન! કેમિકલથી લઈને બાયોલોજિકલ વૉર સુધીની તૈયારી

# ભારતીય સેના માટે ₹1.10 લાખ કરોડની ખરીદીને મંજૂરી

નવી દિલ્હી



સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સોમવારે યોજાયેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ(DAC)ની બેઠકમાં એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. સશસ્ત્ર દળોની ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો કરવા માટે રૂ. 1.10 લાખ કરોડના ખરીદ પ્રસ્તાવોને 'એક્સેપ્ટન્સ ઑફ નેસેસિટી'(AoN)ની મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂર કરાયેલી કુલ ખરીદીમાંથી લગભગ 98% સાધનો અને પ્રણાલીઓ ભારતીય કંપનીઓ અને ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગ પાસેથી ખરીદવામાં આવશે, જેથી આત્મનિર્ભર ભારત અભિયાનને મોટો વેગ મળશે. ભારતીય સેના માટે મંજૂર કરાયેલા મુખ્ય સાધનો સેના માટે અનેક અત્યાધુનિક ઉપકરણોની ખરીદીને લીલી ઝંડી આપવામાં આવી છે. CBRN વાહનો: કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ અને ન્યૂક્લિયર (CBRN) રિકોનિસન્સ વાહનો જોખમી રાસાયણિક કે જૈવિક એજન્ટો ધરાવતા વિસ્તારોની દેખરેખ અને તપાસ કરશે. હાઈ મોબિલિટી વ્હીકલ્સ (HMV): મુશ્કેલ ભૂપ્રદેશોમાં સેનાની ગતિશીલતા અને લોજિસ્ટિક્સમાં સુધારો કરશે. અન્ય સાધનો: સેલ્ફ-પ્રોપેલ્ડ મિકેનિકલ માઈન લેયર(MML), ઍડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર(ALH), ટ્રોલ ટેન્ક અને સર્વત્ર બ્રિજ સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે. ઈન્ડિયન નેવી: નૌકાદળ માટે અરુધ્રા રડાર(Arudhra Radars)ની ખરીદીને મંજૂરી મળી છે, જે જૂના એર રૂટ સર્વેલન્સ રડારનું સ્થાન લેશે. આ ઉપરાંત મરીન ગેસ ટર્બાઈન(MGT)નું સ્વદેશી ડિઝાઈન અને ઉત્પાદન કરવામાં આવશે. ઈન્ડિયન એરફોર્સ: ફાઈટર અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની લડાયક ક્ષમતા વધારવા માટે 'ગ્રાઉન્ડ-બેઝ્ડ મલ્ટી-પર્પઝ જેબર્સ'(GBMPJ)ની ખરીદી કરાશે, જે દુશ્મનના રડારને નિષ્ક્રિય કરવામાં મદદ કરશે. સ્માર્ટ આઈડેન્ટિટી કાર્ડ સિસ્ટમ: સંરક્ષણ દળો માટે રજૂ કરાનારી 'સિક્યોર એક્સેસ કાર્ડ સિસ્ટમ' જૂના પેપર આઈડી કાર્ડનું સ્થાન RFID ટેકનોલોજી આધારિત સ્માર્ટ કાર્ડથી બદલશે.

## 'મને ભણેલા-ગણેલા કરતાં અંડરવર્લ્ડ, રેડ લાઈટ એરિયાથી વધુ વોટ મળ્યા..', ગડકરીનું વધુ એક નિવેદન ચર્ચામાં

નવી દિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી, જેઓ તેમના બેબાક નિવેદનો માટે જાણીતા છે, તેમણે ફરીથી એક એવું નિવેદન આપ્યું છે, જેનાથી રાજકીય ગરમાવો વધી ગયો છે. નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં ગડકરીએ કહ્યું કે, 'ચૂંટણીમાં શિક્ષિત વિસ્તારો કરતાં ક્રિમિનલ, અંડરવર્લ્ડ અને રેડ લાઈટ વિસ્તારોમાંથી મને વધુ વોટ મળ્યા હતા.' ગડકરીનું આ નિવેદન હવે વાયરલ થઈ રહ્યું છે.

શિક્ષિત વિસ્તારોમાં 70-75% વોટ, ગુનેગાર વિસ્તારોમાં 92% વોટ

નાગપુરમાં યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, 'ચૂંટણીમાં શિક્ષિત લોકો કરતાં અંડરવર્લ્ડ અને રેડ લાઈટ વિસ્તારોમાંથી મને વધુ વોટ મળ્યા હતા. શહેરના મોટા અને શિક્ષિત વિસ્તારોમાં મને કુલ મતદાન ટકાવારીના લગભગ 70-75% વોટ મળ્યા, જ્યારે ગુનેગાર, અંડરવર્લ્ડ અને રેડ લાઈટ વિસ્તારોમાંથી મને 92% વોટ મળ્યા.' ગડકરીએ હસતાં હસતાં કહ્યું કે, 'નાગપુરમાં અંડરવર્લ્ડ અને અસામાજિક કાર્યો સાથે જોડાયેલા લગભગ 99% લોકો મારા સમર્થક છે.

જોકે આનો અર્થ બિલકુલ એવો નથી કે હું તેમના કામ કે પ્રવૃત્તિઓનું સમર્થન કરું છું. મારો આ તમામ લોકો સાથે સંબંધ છે પરંતુ તેને ખોટા અર્થમાં લેવો જોઈએ નહીં.' ગડકરીએ વધુમાં સ્પષ્ટતા કરી કે, 'આનો અર્થ એવો ન કાઢવો જોઈએ કે મારા તે લોકો સાથે સંબંધ છે અથવા હું તેમના કામોનું સમર્થન કરું છું. તે વિસ્તારોમાં રસ્તા બનાવડાવવા અને સામાજિક કાર્ય કરવાના કારણે ત્યાંના લોકોએ મને વોટ આપ્યા.' આ અગાઉ પણ નીતિન ગડકરીના અનેક નિવેદનો ચર્ચામાં આવ્યા છે.

તેઓ કોઈ પૂર્વધારણા વગર પોતાની વાત મૂકનાર નેતા માનવામાં આવે છે. વિતેલા દિવસોમાં તેમણે જાતે જ કહ્યું હતું કે ખૂબ કામ કરી લીધું, હવે નવી પેઢીને તક મળે.

### ઈસરોનું 'ખાનગીકરણ' નહીં થાય: ચેરમેન વી. નારાયણે કર્મચારીઓની ચિંતા દૂર કરી

નવી દિલ્હી

ઈસરોના ખાનગીકરણ મુદ્દે વિવિધ અટકળો વચ્ચે ઈસરોના ચેરમેન વી. નારાયણને કહ્યું હતું કે ઈસરોના કર્મચારીઓ પોતાની રોજગારી અને ભવિષ્યને લઈ કોઈ ચિંતા કરવાની જરુરિયાત નથી. ખાનગી પ્લેયર્સની ભૂમિકાનો ઉદ્દેશ ફક્ત દેશના અંતરિક્ષ ક્ષેત્રની ક્ષમતાઓનો વિસ્તાર કરવાનો છે અને ખાનગી ક્ષેત્રોની મદદ કરવાની સાથે સાથે તમામ મહત્ત્વના ડીપ સ્પેસ પ્રક્ષેપણ ઈસરોની પાસે જ રહેશે. ઈસરોના ચેરમેને કહ્યું હતું કે આપણો સ્પેસ પ્રોગ્રામ 64 વર્ષ જૂનો છે. અત્યારે આપણે પાસે અંતરિક્ષમાં 56 સ્પેસ એજન્ટ્સ છે, જે દેશની સામાન્ય લોકોની સેવા કરે છે, પરંતુ આપણને એની મોટી સંખ્યામાં જરુરિયાત છે. સ્પેસ સેક્ટરમાં વિવિધ સુધારા છ વર્ષ પહેલા શરુ કર્યાં હતા અને મૂળ ઉદ્દેશ પણ સ્પેસ ઈકોસિસ્ટમ વધારવાની છે.

## પીએમ જન ધન બેંક એકાઉન્ટના ચોંકાવનારા આંકડા પ્રકાશમાં આવ્યા

### ચારમાંથી એક ખાતું નિષ્ક્રિય છે. તેમજ 5.72 કરોડ જન ધન ખાતાઓમાં શૂન્ય બેલેન્સ છે

નવી દિલ્હી




પીએમ જન ધન યોજના હેઠળ ખોલવામાં આવેલા બેંક એકાઉન્ટના આરટીઆઈમાં ચોંકાવનારા આંકડા પ્રકાશમાં આવ્યા છે. જેમાં ચારમાંથી એક ખાતું નિષ્ક્રિય છે. તેમજ 5.72 કરોડ જન ધન ખાતાઓમાં શૂન્ય બેલેન્સ છે. 32.89 કરોડ મહિલા ખાતા આ અંગે આરટીઆઈ કાર્યકર્તા ચંદ્રશેખર ગૌર દ્વારા દાખલ કરાયેલી અરજીના જવાબમાં, નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે 12 ઓગસ્ટ, 2026 સુધીમાં દેશભરમાં કુલ 59,03,74,907 જન ધન ખાતા હતા. આ બધા ખાતાઓમાં કુલ બેલેન્સ 3.15 લાખ કરોડને વટાવી ગયું છે. કુલ ખાતાઓમાંથી 32.89 કરોડ મહિલાઓ દ્વારા રાખવામાં આવ્યા છે. જ્યારે 26.14 કરોડ પુરુષોએ ખોલાવ્યા છે. 15,36,77,009 ખાતાઓ નિષ્ક્રિય આ ઉપરાંત 57,235,490 જનધન ખાતાઓમાં શૂન્ય બેલેન્સ હતું.જ્યારે 15,36,77,009 ખાતાઓ નિષ્ક્રિય છે.જે સૂચવે છે કે મોટી સંખ્યામાં બેંક ખાતાઓ છે જેનો લાંબા સમયથી ઉપયોગ થયો નથી. હેતુ લોકોને સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડવાનો પીએમ જન ધન યોજના ઓગસ્ટ 2014 માં નાણાકીય સમાવેશ માટેના રાષ્ટ્રીય મિશન તરીકે શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ દેશના દરેક પરિવારને બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો અને ઓછામાં ઓછું એક મૂળભૂત બેંક ખાતું પ્રદાન કરવાનો, નાણાકીય સાક્ષરતા વધારવાનો અને લોકોને સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડવાનો હતો. આ ઉપરાંત રાજ્યોની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ 95.92 લાખ જનધન ખાતાઓ નોંધાયા છે. આ પછી બિહારમાં 62.35 લાખ, પશ્ચિમ બંગાળમાં 37.20 લાખ, આસામ માં 36.30 લાખ અને મહારાષ્ટ્રમાં 36.04 લાખ ખાતા છે. જેમાં ઉત્તર પ્રદેશમાં 3.23 કરોડ જનધન ખાતાઓ સાથે નિષ્ક્રિય ખાતાઓની યાદીમાં ટોચ પર છે. તે પછી બિહાર 1.59 કરોડ, મધ્ય પ્રદેશ 1.35 કરોડ, પશ્ચિમ બંગાળ 1.02 કરોડ અને મહારાષ્ટ્રમાં 97.94 લાખ નિષ્ક્રિય ખાતાઓ છે.

# 'અડધો સર્વે, આખો દાવો!' – મંત્રી અર્જુન મોઢવાડિયાના વિભાગની તપાસમાં સાગર અને મરીન નેશનલ પાર્ક કેમ 'આઉટ ઓફ કવરેજ'?

## જો સાગર અને મરીન નેશનલ પાર્કની ઊંડાણપૂર્વક તપાસ નહીં થાય, તો અત્યાર સુધી જમીન અને જળ પર કરેલી તમામ કાર્યવાહી માત્ર એક 'કાગળીયો સ્ટંટ' સાબિત થશે

પાક્કો ગુજરાત

ગુજરાતના પર્યાવરણને બચાવવાના નામે તંત્રનો મોટો ધમાકો થયો, પણ ધુમાડો થઈને રહી ગયો! જળ, જમીન અને ગૌચરની તપાસના મોટા કાગળિયાં તૈયાર થઈ ગયા, પણ જ્યાં સૌથી મોટું પર્યાવરણીય જોખમ તોળાઈ રહ્યું છે–એ સાગર અને દેશના પ્રથમ 'મરીન નેશનલ પાર્ક' સુધી પહોંચતા-પહોંચતા તપાસનું બુલડોઝર કેમ ઠપ્પ થઈ ગયું? કાગળ પર કામગીરીની મોટી-મોટી 'તારીખ પે તારીખ' પડી રહી છે, પણ દરિયાના મોજાં વચ્ચે ચાલતા ખેલ પર મૌન સેવી લેવાયું છે.

પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના આદેશ બાદ વિભાગે કેટલાક મોરચે દોડધામ ચોક્કસ બતાવી છે, પણ અસલ ખેલ એ છે કે તપાસના દાયરામાંથી સૌથી સંવેદનશીલ ઝોનને બહાર જ રાખી દેવાયો કે પછી કામ પૂરું થયાનો ખોટો સંતોષ માની લેવાયો?

### તપાસનું ચોપડું: ક્યાં 'દંડો' ફટકાર્યો અને ક્યાં 'દયા' દાખવી?

જળ અને જમીન પર સપાટો: નદીઓ અને નાળાઓમાં કેમિકલયુક્ત પાણી છોડનારા એકમો સામે નોટિસો ફટકારાઈ, કાગળ પર સીલ વાગ્યા અને જમીનના ગેરકાયદેસર વપરાશ પર તપાસનો હથોડો વીંઝાયો.

ગૌચરની જમીનોનો હિસાબ: ગ્રામીણ વિસ્તારોમાં ગૌચર પર થયેલા કડક દબાણો અને તેનો વાણિજ્યિક ઉપયોગ ચકાસીને વિભાગે પોતાનો રિપોર્ટ સબમિટ કરી દીધો.

સાગર અને મરીન નેશનલ પાર્ક પર મૌન: જામનગરથી લઈને કચ્છના અખાત સુધી ફેલાયેલા અત્યંત સંવેદનશીલ મરીન નેશનલ પાર્ક, જ્યાં દુર્લભ પરવાળા (Corals), દરિયાઈ જીવો અને આખી ઈકો-સિસ્ટમ પર ગેરકાયદે પ્રવૃત્તિઓનું ગ્રહણ છે–ત્યાં તપાસ પહોંચે એ પહેલાં જ સર્વે 'ખતમ' જાહેર કરી દેવાયો!

### 'પાક્કો ગુજરાત'ના તીખા સવાલો

1 અડધી તપાસે 'ખતમ'નો સિક્કો કેમ? જળ, જમીન અને ગૌચર બાદ સૌથી મહત્વનો સાગર કિનારો કેમ બાદ રહી ગયો? શું અધિકારીઓ દરિયાઈ પટ્ટી સુધી પહોંચવાની હિંમત નથી દાખવી રહ્યા?

2 મોટા માથાંઓની છત્રછાયા? મરીન નેશનલ પાર્ક આસપાસ ચાલતા ઉદ્યોગો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરતા તંત્રના હાથ કેમ ધ્રૂજે છે?

3 મંત્રી મોઢવાડિયાનો આદેશ કેવો? પર્યાવરણ મંત્રીના વિભાગે પગલાં તો લીધા, પણ અડધા-પડધા કામને 'સફળ' બતાવીને મંત્રી સાહેબને જ અંધારામાં રાખવાનો ખેલ તો નથી થઈ રહ્યો ને?

### અધૂરી તપાસ, પર્યાવરણ પર પૂરો ખતરો

જો સાગર અને મરીન નેશનલ પાર્કની ઊંડાણપૂર્વક તપાસ નહીં થાય, તો અત્યાર સુધી જમીન અને જળ પર કરેલી તમામ કાર્યવાહી માત્ર એક 'કાગળીયો સ્ટંટ' સાબિત થશે. અર્જુન મોઢવાડિયાના વિભાગે જો ખરેખર કડક છાપ ઊભી કરવી હોય, તો તપાસનો આંતરરાષ્ટ્રીય સ્તરનો મોરચો દરિયા તરફ વાળવો જ પડશે.



'પાક્કો ગુજરાત' સ્પષ્ટપણે માંગ કરે છે: અધૂરો રિપોર્ટ બંધ કરો, સાગર અને મરીન નેશનલ પાર્ક પર કડક તપાસનો બીજો તબક્કો તુરંત શરૂ કરો!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગુજરાતના ખેડૂતોએ સરકારનું શું બગાડ્યું છે?

# સુરતના વેપારીઓ માટે 550 કરોડનું પેકેજ તો જગતના તાત માટે મૌન કેમ?

### બે મહિનાથી વરસાદ ગાયબ, લાખો હેક્ટરમાં પાક બળીને ખાખ: મોંઘા બિયારણ અને ખાતરના દેવામાં ડૂબેલો ખેડૂત હવે આક્રમક મૂડમાં, 'જો વળતર નહીં મળે તો ગાંધીના ગુજરાતમાં મોટું આંદોલન થશે'

અમરેલી

'વોટ આપતી વખતે ખેડૂત યાદ આવે છે, પણ જ્યારે તેની આખી જિંદગીની કમાણી ખેતરમાં સુકાઈને રાખ થઈ જાય ત્યારે સરકાર આંખ આડા કાન કેમ કરે છે?' - આ કોઈ એક ખેડૂતનો અવાજ નથી, પરંતુ સમગ્ર ગુજરાતના ખૂણે-ખૂણેથી ઉઠી રહેલો રોષનો વંટોળ છે.

રાજ્યમાં છેલ્લા બે મહિનાથી વરસાદે સંપૂર્ણ ખેંચાણ અનુભવી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં કપાસ, મગફળી, એરંડા અને તલ સહિતના પાક પાણી વિના કરમાઈ ગયા છે. ખેડૂતોએ રાત-દિવસ એક કરીને, મોંઘા ભાવના બિયારણો અને ખાતર નાખીને જે પાક વાવ્યો હતો, તે આજે




તેમની જ નજર સામે સુકાઈ રહ્યો છે. છતાં પણ ગાંધીનગરના વાતાનુકૂલિત બંગલાઓમાં બેઠેલી સરકારના કાન સુધી આ કૂકડાઓ અને ખેડૂતોની ચીસ પહોંચતી નથી.

ખેડૂતોનો સૌથી તીખો અને સીધો સવાલ એ છે કે, આ જ વર્ષે જ્યારે સુરતમાં વરસાદી પાણી ભરાવાથી વેપારીઓ અને દુકાનદારોને નુકસાન થયું, ત્યારે સરકારે તાબડતોબ રૂ. ૫૫૦ કરોડનું વિશેષ રાહત પેકેજ જાહેર કરી દીધું.

વેપારીઓને મદદ કરી તે સારી વાત છે, પણ શું આ દેશનો અને રાજ્યનો 'જગજનો તાત' માણસ નથી? સુરતના વેપારીઓનું નુકસાન સરકારને દેખાય છે, પણ સમગ્ર ગુજરાતના લાખો ખેડૂતોનો બળી ગયેલો પાક કેમ દેખાતો નથી? આ કેવા પ્રકારનો બેવડો માપદંડ? શું ખેડૂતોએ આ સરકારનું કશું બગાડ્યું છે કે તેમની સાથે આવો સાવકા મા બાપ જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે?

ખેડૂત એકલો હેરાન નથી થતો, તેની સાથે તેનો આખો પરિવાર પીસાય છે. ખેતરમાંથી આવક થશે તો બાળકોની ફી ભરાશે, ઘરનું કરિયાણું આવશે અને વૃદ્ધ મા-બાપની આવશે – આ આશા પર જીવતા ખેડૂત પરિવારો આજે નિરાશાના અંધારામાં ધકેલાઈ ગયા છે.

બેંકો અને મંડળીઓના દેવાના હપ્તા માથે ઉભા છે, અને બીજી તરફ ખેતરોમાં પાકની જગ્યાએ માત્ર ધૂળ ઉડી રહી છે. ખેડૂતો પૂછી રહ્યા છે કે જો સરકાર આ મુશ્કેલ સમયમાં મદદ નહીં કરે, તો અમારે જવું ક્યાં?

જનતાનો સ્પષ્ટ આદેશ: 'વળતર આપો અથવા આંદોલન માટે તૈયાર રહો'

રાજ્યભરના ખેડૂત સંગઠનો અને ગ્રામીણ વિસ્તારોમાંથી હવે એક જ અવાજ ઉઠી રહ્યો છે:

૧. તત્કાલ લીલો દુકાળ જાહેર કરવામાં આવે.

૨. પાક નિષ્ફળ ગયાનું વ્યાજબી સર્વે કરી હેક્ટર દીઠ યોગ્ય વળતર ચૂકવાય.

૩. ખેતી માટે વીજળી અને સિંચાઈનું પાણી યુદ્ધના ધોરણે પૂરું પાડવામાં આવે.

ખેડૂતોએ સરકારને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે કે, જે ખેડૂતોએ પોતાના કિંમતી વોટ આપીને સત્તાના શિખરે બેસાડ્યા છે, તે જ ખેડૂતો પોતાના હક માટે રસ્તા પર ઉતરતા પણ ખચકાશે નહીં. જો ટૂંક સમયમાં સરકારી તંત્ર જાગશે નહીં અને પાક નુકસાનીનું પેકેજ જાહેર નહીં કરે, તો સમગ્ર ગુજરાતમાં સડકથી લઈને ગાંધીનગર સુધી ઉગ્ર અને વ્યાપક આંદોલન છેડાશે.

## શિક્ષણના ધામમાં રાજકારણનો પ્રવેશ? નવસારી-ગણદેવીની શાળાઓ પર ઉઠ્યા ગંભીર સવાલો!

ગાંધીનગર

દક્ષિણ ગુજરાતના નવસારી અને ગણદેવી વિસ્તારમાંથી એક એવો વિવાદ સામે આવી રહ્યો છે, જેણે શિક્ષણ જગત અને પ્રબુદ્ધ નાગરિકોમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. ચર્ચા છે કે અમુક સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ભાજપના પક્ષ કાર્યાલય 'કમલમ' સાથે જોડાયેલા કે રાજકીય પ્રકૃતિના કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ બાળકોને બતાવવાની તૈયારીઓ થઈ રહી છે. આ સમાચાર સામે આવતા જ એક તીખો અને વ્યાજબી સવાલ ઊભો થયો છે: શું શાળાઓ હવે રાજકીય પ્રચારના કેન્દ્રો બની રહી છે? પક્ષ કાર્યાલય કે સરકારી શાળા? સીધો અને આકરો સવાલ

'કમલમ' એ રાજ્યમાં શાસક પક્ષ ભાજપનું કાર્યાલય છે, કોઈ સરકારી કે બિન-રાજકીય શૈક્ષણિક સંસ્થા નથી. જો કાર્યક્રમ કોઈ ચોક્કસ રાજકીય પક્ષનો કે તેના કાર્યાલયનો હોય, તો પછી સરકારી શાળામાં અભ્યાસ કરતા માસૂમ બાળકોને તે બતાવવાનો તર્ક શું? આ પ્રકારના પ્રસારણથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કે બૌદ્ધિક વિકાસમાં શું યોગદાન મળશે?

શિક્ષણ વિભાગના સંસાધનો અને શાળાઓના સમયનો ઉપયોગ રાજકીય હેતુઓ માટે કરવો કેટલો યોગ્ય છે?

નવસારી અને ગણદેવીના ગ્રામ્ય વિસ્તારોમાં શાળાઓની ભૌતિક સુવિધાઓ, શિક્ષકોની અછત, રસ્તાઓ અને પીવાના પાણી જેવા બુનિયાદી પ્રશ્નો આજે પણ પેન્ડિંગ છે.

## રાજકોટ રેલવે સ્ટેશન પર LCB અને રેલવે પોલીસની ધાકડ રેડ: 9.23 લાખના મુદ્દામાલ સાથે 18.85 કિલો ગાંજો ઝડપાયો

રાજકોટ

રંગીલા રાજકોટને નશાની ગર્તામાં ધકેલવાનો વધુ એક મલીન પ્રયાસ સજાગ પોલીસે નિષ્ફળ બનાવ્યો છે. રાજકોટ રેલવે સ્ટેશન પરથી પસાર થઈ રહેલા ગાંજાના એક મોટા જથ્થા સાથે એક શખસને લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) અને પશ્ચિમ રેલવે પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને રંગેહાથ ઝડપી લીધો છે. પોલીસે આરોપી પાસેથી ૧૮ કિલો ૮૫૯ ગ્રામ ગાંજો, મોબાઈલ, રોકડ રકમ અને બે ટ્રોલી બેગ મળી કુલ રૂ. ૯.૨૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેર અને રેલવે વિભાગમાં નશાકારક પદાર્થોની હેરાફેરી રોકવા માટે પોલીસ વડાની સૂચનાથી ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. દરમિયાન, પશ્ચિમ રેલવે પોલીસ અને LCBની ટીમ રેલવે સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે એક શખસ ભારે માત્રામાં નશાકારક પદાર્થ લઈને પ્લેટફોર્મ પરથી પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક જાળ બિછાવી હતી.

જેવો આ શખસ શંકાસ્પદ હાલતમાં બે મોટી ટ્રોલી બેગ ખેંચતો સ્ટેશન પરિસરમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે જ વોચમાં રહેલી સંયુક્ત ટીમે તેને ઘેરી લીધો હતો.

પોલીસે શંકાસ્પદ શખસને અટકાવી પ્રાથમિક પૂછપરછ કરતા તે ગભરાઈ ગયો હતો અને સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. પોલીસ ટીમે જ્યારે તેની પાસે રહેલી બંને ટ્રોલી બેગની તલાશી લીધી, ત્યારે અંદરથી ખાખી પટ્ટીથી પેક કરેલા ગાંજાના મોટા પેકેટો મળી આવ્યા હતા.

એફએસએલ (FSL) અને સંબંધિત અધિકારીઓની હાજરીમાં કરાયેલા તોલમાપમાં ગાંજાનું વજન ૧૮ કિલો ૮૫૯ ગ્રામ નીકળ્યું હતું.

## મોરબીના મોટા દહીસરામાં મોતના ખેલનો પર્દાફાશ! LCBએ ત્રાટકીને નકલી દારૂની ફેક્ટરીનો કર્યો સપાટો

મોરબી

મોરબી જિલ્લામાં બ્રાન્ડેડ દારૂના નામે ઝેર પીરસીને લોકોના જીવન સાથે રમતા અસામાજિક તત્વો સામે મોરબી એલસીબી (LCB) ટીમે લાલ આંખ કરી છે. માળિયા તાલુકાના મોટા દહીસરા ગામે ઘરના ખૂણે જ ચાલી રહેલા નકલી દારૂ બનાવવાના કાળા કારોબારનો પોલીસે પર્દાફાશ કરીને સપાટો બોલાવી દીધો છે.

મોરબી LCB ટીમને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે મોટા દહીસરા ગામે રહેણાંક મકાનમાં જ નકલી દારૂ બનાવવાની ગેરકાયદેસર ફેક્ટરી ચલાવવામાં આવી રહી છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં જ ત્યાં ચાલી રહેલા મોતના ખેલનો પર્દાફાશ થયો હતો.

મહેશ ઉર્ફે મુન્નાભાઈ કાજીયા અને અજયસિંહ ભાવુભા જાડેજા નામના શખ્સો પોતાના મકાનમાંથી આ ગેરકાયદે નેટવર્ક ચલાવતા હતા.

આ તત્વો બ્રાન્ડેડ દારૂની બોટલો અને લેબલોનો ઉપયોગ કરીને અંદર નકલી કેમિકલયુક્ત દારૂ ભરીને નિર્દોષ લોકોની જિંદગી સાથે રમત રમી રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી દારૂ બનાવવાનું કેમિકલ, ખાલી બોટલો, બ્રાન્ડેડ કંપનીના ડુપ્લીકેટ લેબલ તેમજ અન્ય સામગ્રી કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબીના આ અચાનક પડેલા દરોડાથી સમગ્ર વિસ્તારના બૂટલેગરો અને ગેરકાયદે પ્રવૃત્તિ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## ખેડા LCBની મોટી સફળતા: લેન્ડ ગ્રેબિંગના ગુનામાં નાસતા ફરતા રીઢા ગુનેગાર ભાનુ ભરવાડને દબોચી લીધો

ખેડા

ખેડા-નડિયાદ જિલ્લામાં ગુનાખોરી આચરનારા અને કાયદાથી ભાગતા ફરતા તત્વો સામે ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ટીમે લાલ આંખ કરી છે. જમીન પચાવી પાડવાના (લેન્ડ ગ્રેબિંગ) ગંભીર ગુનામાં લાંબા સમયથી નાસતો ફરતો અને ગુનાહિત ઈતિહાસ ધરાવતો રીઢો આરોપી ભાનુભાઈ જોધાભાઈ ભરવાડ આખરે ખેડા LCBની ગિલોડી નજરમાંથી બચી શક્યો નથી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને આ શાકિહર આરોપીને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું છે. મળતી માહિતી મુજબ, આરોપી ભાનુભાઈ જોધાભાઈ ભરવાડ વિરુદ્ધ જમીન હડપ કરી લેવા અંગે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ) કાયદા હેઠળ ગંભીર ગુનો નોંધાયેલો હતો. આ ગુનો નોંધાયા બાદથી જ આરોપી પોલીસ ધરપકડથી બચવા માટે સતત સ્થળ બદલીને નાસતો ફરતો હતો.

### તંત્રની બેવડી નીતિ સામે સ્થાનિકોમાં પ્રચંડ રોષ!

## લીમખેડામાં દબાણ હટાવવાની કામગીરીમાં ભેદભાવના ગંભીર આક્ષેપ

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દહાડ જિલ્લાના લીમખેડા તાલુકા મથકે માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની ઝુંબેશ વિવાદના વંટોળમાં સપડાઈ છે. 'કાળા માથાના માનવી' માટે કાયદો સરખો હોવાના દાવા કરતી સરકાર અને તંત્રની નીતિ સામે સ્થાનિક રહીશોએ ભેદભાવના ગંભીર આક્ષેપો કરીને મોરચો માંડ્યો છે.

મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO) અને માર્ગ-મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની સીધી હાજરીમાં, તેમજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જેસીબી મશીનો સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, આ કામગીરી શરૂ થતાં જ તંત્રની પક્ષપાતી નીતિ ખુલ્લી પડી ગઈ હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. શાસન દ્વારા ૧૨ મીટરના ડીમાર્કેશન મુજબ કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો હતો, પરંતુ સ્થળ પર આ નિયમનું પાલન ન થતાં અનેક તાર્કિક સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોનો સીધો અને સણસણતો આક્ષેપ છે કે તંત્ર દ્વારા માત્ર ગરીબ, સામાન્ય અને નાના લારી-ગલ્લા કે નાનું-મોટું દબાણ કરીને રોજીરોટી કમાતા લોકો પર જ જેસીબી ફેરવી દેવાયું છે. બીજી તરફ, રસ્તા પરના મોટા અને લાગવગશાહી ધરાવતા દબાણકર્તાઓ સામે તંત્રએ આંખ આડા કાન કરીને તેઓને છાવરવાનો પ્રયાસ કર્યો છે. દબાણ હટાવવાના નામે સામાન્ય જનતાને મોટા પાયે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હોવાનો આક્રોશ ફાટી નીકળ્યો છે.

સ્થાનિકોમાં એ વાતનો પણ ભારે રોષ છે કે અગાઉ પણ દબાણો દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ દબાણ મુક્ત કરાયેલી જગ્યા પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તા કે વિકાસનું કોઈ જ કામ હાથ ધરવામાં આવતું નથી. માત્ર દબાણ હટાવવાના નામે સામાન્ય પ્રજાને હેરાન-પરેશાન કરી નુકસાન પહોંચાડવાનો જ ખેલ ખેલાઈ રહ્યો હોય તેવો ઘાટ સર્જાયો છે.

'તંત્ર દ્વારા ૧૨ મીટરનું ડીમાર્કેશન નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ સ્થળ પર કોઈ નિયમ પળાઈ રહ્યો નથી. નાના અને ગરીબ માણસોના દબાણો તોડી પાડવામાં આવે છે, જ્યારે મોટા લોકોના દબાણો તરફ અધિકારીઓ જોતા પણ નથી. આ સીધેસીધો ભેદભાવ છે અને ગરીબોના પેટ પર લાત મારવાનું કામ થઈ રહ્યું છે.' 'દબાણ હટાવ્યા પછી પણ માર્ગ અને મકાન વિભાગ અહીં કોઈ નવું કામ કરતું નથી. માત્ર દબાણના નામે પ્રજાને આર્થિક નુકસાન પહોંચાડવામાં આવે છે. જો કાયદો બધા માટે સરખો હોય તો મોટા દબાણો કેમ બાકી રખાયા? આ પક્ષપાતી કામગીરી સામે અમારામાં ભારે વિરોધ છે.'


### ડભોઈ-શિનોર ચોકડી પર ભયાનક અકસ્માત

## ઊભેલી લક્ઝરી બસ પાછળ કાર ધડાકાભેર અથડાઈ; દંપતી સહિત 5 શ્રદ્ધાળુઓ લોહીલુહાણ!

ડભોઈ

ડભોઈ-શિનોર ચોકડી નજીક આજે એક કાળજું કંપાવી દેનારી માર્ગ દુર્ઘટના સર્જાઈ છે. કરનાળી તીર્થધામના દર્શન કરીને પરત ફરી રહેલા યાત્રાળુઓની ખાનગી લક્ઝરી બસ અને પુરપાટ ઝડપે આવતી કાર વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં કાર સવાર દંપતી સહિત કુલ ૭ જેટલા લોકોને ઈજાઓ પહોંચી છે.

અમદાવાદથી યાત્રાળુઓથી ભરેલી એક ખાનગી લક્ઝરી બસ કરનાળી તીર્થધામ ખાતે દર્શન અર્થે આવી હતી. દર્શન કરીને તમામ શ્રદ્ધાળુઓ ખુશખુશાલ વાતાવરણમાં પરત અમદાવાદ તરફ જઈ રહ્યા હતા, ત્યારે શિનોર ચોકડી નજીકના મુખ્ય માર્ગ પર અચાનક બસની ડીઝલ પાઈપ ફૂટી ગઈ હતી. ટેકનિકલ ખામી સર્જાતા જ ચાલકે બસને રોડની સાઈડમાં ઉભી રાખી દીધી હતી.




બસ હજુ રોડની સાઈડમાં ઉભી જ હતી, તે જ સમયે પાછળથી અતિશય પૂરઝડપે આવી રહેલી એક ફોરવ્હીલ કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવી દીધો હતો. બેફામ ઝડપે આવતી કાર સીધી જ ઉભેલી લક્ઝરી બસના પાછળના ભાગે ધડાકાભેર આ અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે આસપાસના લોકો ધડાકાનો અવાજ સાંભળીને થથરી ગયા હતા. કારના આગળના બોનેટના ડૂચા નીકળી ગયા હતા.

અકસ્માત થતાં જ રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. કારમાંથી લોહીલુહાણ હાલતમાં દંપતીને બહાર કાઢવામાં આવ્યું હતું. લક્ઝરી બસમાં બેઠેલા શ્રદ્ધાળુઓને પણ ઝાટકો વાગતા ઈજાઓ પહોંચી હતી.

108 મારફતે સારવાર: ઘટના સ્થળેથી તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી નજીકની પ્રમુખસ્વામી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલુ છે.

પોલીસ કાફલો સ્થળ પર: ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### નસવાડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં રાજકીય ગરમાવો

## ભાજપ પ્રેરિત સહકાર પેનલની સભા યોજાઈ

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. નસવાડી APMCની ખેડૂત વિભાગની 10 બેઠકો માટે આગામી 9 સપ્ટેમ્બર, 2026ના રોજ મતદાન યોજાવાનું છે.

મહત્વની વાત એ છે કે આશરે 15 વર્ષ બાદ ખેડૂત વિભાગની બેઠકો માટે મંડળીઓના હોદ્દેદારોને મતદાન કરવાની તક મળવા જઈ રહી છે. અત્યાર સુધી નસવાડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત વિભાગમાં સદસ્યોની પસંદગી બિનહરીફ થતી આવી હતી. પરંતુ આ વખતે ચૂંટણી યોજાતા રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

ચૂંટણીને લઈને ભાજપ પ્રેરિત સહકાર પેનલ દ્વારા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપે સહકાર પેનલના તમામ ઉમેદવારોને




સમર્થન જાહેર કરીને તેમને જીતાડવા માટે ચૂંટણી મેદાનમાં પોતાની તાકાત લગાવી છે.

ભાજપના આગેવાનો અને કાર્યકરો દ્વારા મતદારોનો સંપર્ક કરી સહકાર પેનલના ઉમેદવારોને જીતાડવા માટે પ્રચાર કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ, લાંબા સમય બાદ યોજાઈ રહેલી આ ચૂંટણીને લઈને મતદારોમાં પણ ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

હવે નસવાડી APMCની ખેડૂત વિભાગની 10 બેઠકોની ચૂંટણીમાં મતદારો કોના પક્ષમાં પોતાનો ઝોક દર્શાવે છે અને કઈ પેનલને સમર્થન મળે છે, તેના પર સૌની નજર છે.

આ ચૂંટણીના પરિણામો બાદ નસવાડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કોનું વર્ચસ્વ રહેશે, તેનો નિર્ણય થશે. હવે મતદારોનો મિજાજ શું છે અને 9 સપ્ટેમ્બરના મતદાન બાદ કોના પક્ષમાં પરિણામ આવે છે, તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

### વરૂણદેવને રીઝવવા અનોખી આસ્થા

## કોટેશ્વર મહાદેવ ખાતે 25 ગામના આદિવાસી ખેડૂતોએ રચાઈ માનવ સાંકળ

અંબાજી

જ્યારે વિજ્ઞાન હારી જાય છે, ત્યારે આસ્થાનો સુરજ ઉગે છે! બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલ ઐતિહાસિક અને ધાર્મિક તીર્થધામ કોટેશ્વર મહાદેવ ખાતે આજે ભક્તિ, પરંપરા અને લોકઆસ્થાનો એક અદ્ભુત અને જોરદાર નજારો જોવા મળ્યો હતો. મેઘરાજાને રીઝવવા અને પૃથ્વી પર જળવર્ષા કરાવવા માટે ગુજરાત અને રાજસ્થાનના સરહદી ૨૫ જેટલા ગામોના આદિવાસી ખેડૂતો એકઠા થયા હતા અને વર્ષો જૂની અનોખી પરંપરા ઉત્સાહભેર નિભાવી હતી. અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે બિરાજમાન કોટેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આજે સવારથી જ ખેડૂતોનો જનમેદની ઉમટી પડી હતી. મેઘરાજા (વરૂણદેવ)ને પ્રસન્ન કરવા માટે ખેડૂતોએ પવિત્ર સરસ્વતી કુંડમાંથી પાણી ભરીને મહાદેવને જળાભિષેક કરવાનું શરૂ કર્યું હતું. આ કોઈ સામાન્ય પૂજા નહોતી! સેંકડો ખેડૂતોએ સરસ્વતી કુંડથી લઈને મંદિરના ગર્ભગૃહ સુધી હાથોહાથ ઘડા અને ડોલ પહોંચાડવા માટે એક વિશાળ 'માનવ સાંકળ' (Human Chain) બનાવી હતી. એક પછી એક પાણીના ઘડા ગર્ભગૃહમાં પહોંચતા રહ્યા અને જોતજોતામાં શિવલિંગ સહિત આખું ગર્ભગૃહ જળમગ્ન થઈ ગયું હતું.

## ગુજરાતના રસ્તાઓ બન્યા 'રક્તરંજિત': 8 જ મહિનામાં 1.45 લાખથી વધુ લોકો અકસ્માતમાં ઘવાયા, કેસોમાં 27%નો મોટો ઉછાળો!

### અમદાવાદ અકસ્માતોમાં સમગ્ર રાજ્યમાં મોખરે — રોજ સરેરાશ 90 લોકો હોસ્પિટલ પહોંચે છે, વર્ષના અંત સુધીમાં આંકડો 2.19 લાખને પાર થવાની ભીતિ!

ગાંધીનગર

ગુજરાતના રસ્તાઓ પર મુસાફરી કરવી હવે મુસાફરો માટે જોખમી બની રહી છે. રાજ્યમાં રોડ એક્સિડન્ટના કેસોમાં ચિંતાજનક અને ભયાનક વધારો નોંધાયો છે. સરકારી અને ઈમરજન્સી સેવાઓના આંકડા દર્શાવે છે કે રસ્તાઓ પર સુરક્ષા અને ટ્રાફિક નિયમન કાગળ પર જ રહી ગયા છે.

ચાલુ વર્ષે જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીના માત્ર ૮ મહિનામાં જ રોડ એક્સિડન્ટમાં ૧.૪૫ લાખથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. સરખામણી: ગયા વર્ષે આ જ ૮ મહિનાના સમયગાળા દરમિયાન ઈજાગ્રસ્તોનો આંકડો ૧.૧૪ લાખ હતો. વધારો: ગયા વર્ષની સરખામણીએ અકસ્માતથી થતી ઈજાના કેસોમાં ૨૭ ટકાનો સીધો વધારો થયો છે. ભયાનક સંકેત: જો રોડ એક્સિડન્ટનું આ જ પ્રમાણ યથાવત્ રહેશે, તો વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં આ આંકડો ૨.૧૯ લાખ કેસ સુધી પહોંચી જવાની આશંકા છે. અમદાવાદ જિલ્લાની સ્થિતિ સૌથી ગંભીર: રોજ ૯૦ લોકો ઘવાય છે.

રાજ્યભરમાં અકસ્માતથી ઈજાના સૌથી વધુ કેસ નોંધાવામાં અમદાવાદ જિલ્લો સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવ્યો છે: કેસોની વિગત: અમદાવાદમાં ગયા વર્ષના પ્રથમ ૮ મહિનામાં ૧૮,૫૪૧ કેસ નોંધાયા હતા, જેની સામે આ વર્ષે આ આંકડો વધીને ૨૧,૯૯૫ કેસ પર પહોંચી ગયો છે (૧૮.૬૩%નો વધારો). ઈમરજન્સી સેવા ૧૦૮નો આંકડો: અમદાવાદના રસ્તાઓ પર હાલ દરરોજ સરેરાશ ૯૦ લોકો માર્ગ અકસ્માતમાં ઘવાઈને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની મદદ લેવા મજબૂર બને છે. રોડ પર રખડતા ઢોર, તૂટેલા રસ્તા, બેફામ દોડતા ભારે વાહનો અને ટ્રાફિક પોલીસનું ઢીલું શાસન– આખરે ક્યાં સુધી નાગરિકોનો બલિ લેતું રહેશે? સરકાર અને આરટીઓ તંત્ર માત્ર દંડ વસૂલવામાં મસ્ત છે, પરંતુ રસ્તાઓને સુરક્ષિત બનાવવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે. જો તાત્કાલિક ધોરણે આકરા પગલાં લેવામાં નહીં આવે તો ગુજરાતના રસ્તાઓ માત્ર અકસ્માતના ઝોન બનીને રહી જશે.

### સત્યાગ્રહ છાવણીમાં ભૂખ હડતાળની ચીમકી

# વિદ્યા સહાયક ભરતીમાં રોસ્ટર મુદ્દે ઉમેદવારોનો આક્રોશ: SC, ST અને OBC ઉમેદવારોનું 7થી 10 દિવસનું અલ્ટીમેટમ



ગાંધીનગર

વિદ્યા સહાયક ભરતીમાં રોસ્ટર સિસ્ટમમાં ગેરરીતિના આક્ષેપ સાથે OBC, SC અને ST સમાજના ઉમેદવારો ગાંધીનગરમાં એકઠા થયા હતા. ઉમેદવારોએ સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ માંગ કરી છે કે, પહેલા ભરતીનું સંપૂર્ણ રોસ્ટર ઓનલાઈન જાહેર કરવામાં આવે અને ત્યાર બાદ જ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે. ઉમેદવારોના જણાવ્યા મુજબ છેલ્લા 2થી 3 મહિનાથી સરકાર તથા સંબંધિત અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી સંતોષકારક જવાબ મળ્યો નથી.

ઉમેદવાર રમેશ ચૌધરીના જણાવ્યા મુજબ આજે વિવિધ જિલ્લાઓમાંથી આશરે 150થી 200 ઉમેદવારો ગાંધીનગરમાં એકઠા થયા હતા. તેમણે જણાવ્યું કે છેલ્લા ત્રણ મહિનામાં 100થી 120 જેટલા આવેદનપત્રો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉમેદવારો દ્વારા તથા વકીલો મારફતે RTI કરવામાં આવી હતી અને રોસ્ટરની વિગતો મેળવવામાં આવી છે. ઉમેદવારોનો આક્ષેપ છે કે, રોસ્ટરમાં અનેક જગ્યાએ ગેરરીતિ જોવા મળી છે. ખાસ કરીને વ્હાઈટનર મારવામાં આવ્યા હોવા, ઓપન કેટેગરીમાં બેઠકો દર્શાવવા સહિતની બાબતો અંગે તેમણે સવાલો ઉઠાવ્યા છે.

ઉમેદવારોનો આક્ષેપ છે કે આવેદનપત્રો આપ્યા બાદ સંબંધિત અધિકારીઓ તરફથી લેખિત જવાબ આપવામાં આવતો નથી. 'કરી દઈશું', 'થઈ જશે', 'તમારું સારું થશે' જેવા જવાબો જ મળતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કેટલાક DPO કચેરીના અધિકારીઓ RTIનો જવાબ આપવા પણ તૈયાર ન હોવાનો આક્ષેપ ઉમેદવારોએ કર્યો છે.

ઉમેદવારોએ જણાવ્યું હતું કે ભરતીના રોસ્ટરમાં બેઠકો ઘટવા પાછળ GADના નિયમોના અર્થઘટનને જવાબદાર ગણાવવામાં આવે છે. આ મુદ્દે GADના અધિકારીઓ સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હોવાનો દાવો છે. ઉમેદવારોના જણાવ્યા મુજબ GADના અધિકારીઓએ પણ નિયમ ખોટો નહીં પરંતુ તેનું અર્થઘટન ખોટી રીતે કરવામાં આવતું હોવાની વાત કરી હોવાનું જણાવ્યું છે.

ઉમેદવારોએ માંગ કરી છે કે ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા માટે તમામ શિક્ષકોનું રોસ્ટર રજિસ્ટર, કેટેગરી, નિમણૂક પત્ર તથા રોસ્ટર ક્રમાંક સહિતની સંપૂર્ણ વિગતો ઓનલાઈન પોર્ટલ પર જાહેર કરવામાં આવે. તેમનું કહેવું છે કે ભરતી સંબંધિત અન્ય પ્રક્રિયાઓ ઓનલાઈન થઈ શકે છે તો રોસ્ટર પણ ઓનલાઈન કેમ ન થઈ શકે?

## ગાંધીના ગુજરાતમાં ઝેરનો કારોબાર! 'ઉડતા ગુજરાત' પાછળ કોનો હાથ..?

### દાદાગીરી અને દારૂબંધીના ધજાગરા: આંકડાની જબાનીએ ભયાનક સત્ય

ગાંધીનગર

ગાંધી અને સરદારની પુણ્યભૂમિ ગણાતું ગુજરાત આજે એક ભયાનક મોડ પર આવીને ઊભું રહી ગયું છે. જે ભૂમિ પર અહિંસા, સંસ્કાર અને શાંતિની વાતો થતી હતી, ત્યાં આજે અંધારા ખૂણાઓમાં નશાનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહેલો ★UdtaGujarat માત્ર એક હેશટેગ નથી, પણ ગુજરાતના ભવિષ્ય સામે ઊભો થયેલો એક સળગતો અને ભયાનક સવાલ છે: આવું 'ઉડતા ગુજરાત' બનાવ્યું કોણે?

આંકડા એટલા ચોંકાવનારા છે કે સાંભળીને જ રૂવાંડા ઊભા થઈ જાય. ભલે સત્તાવાર ચોપડે આંકડાઓ છુપાવવાની કોશિશ થતી હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજ્યમાં ૪૦ લાખથી વધુ લોકો દારૂ, ચરસ, ગાંજો, અફીણ અને સિન્થેટિક ડ્રગ્સ જેવા ઘાતક નશાના અજગરના વિષચક્રમાં ફસાયેલા છે.

૭ કરોડની વસ્તી ધરાવતા ગુજરાતમાં દર ૧૦ માંથી ૧ વ્યક્તિ વારેતહેવારે કે નિયમિત નશો કરી રહી છે. કાગળ પર દારૂબંધીના મોટા-મોટા દાવાઓ થાય છે, પણ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર બતાવે છે.

દારૂબંધી માત્ર નામની રહી ગઈ હોય તેમ ૨૦ લાખ લોકો દારૂના રવાડે ચડી ચૂક્યા છે.

ચરસ, ગાંજો, MD ડ્રગ્સ અને અફીણ જેવા કેમિકલ નશાએ રાજ્યના યુવાનોના મગજ બાનમાં લીધા છે.

દવાઓના નામે વેચાતી પેઈનકિલર ગોળીઓનો ઉપયોગ હવે તબીબી સારવાર માટે નહીં, પણ નશા માટે થઈ રહ્યો છે.

## આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને હાઈકોર્ટ તરફથી મોટી રાહત : વિધાનસભા સત્રમાં હાજરી આપવા 7 દિવસના જામીન મંજૂર



ગાંધીનગર

આમ આદમી પાર્ટી (AAP)ના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા માટે કાનૂની મોરચે રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે તેમની અરજી ગ્રાહ્ય રાખીને વિધાનસભાના ચોમાસુ સત્રમાં ઉપસ્થિત રહેવા માટે ૭ દિવસના હંગામી (અંતરિમ) જામીન મંજૂર કર્યા છે. જેલમાંથી મુક્ત થયાના દિવસથી જ આ ૭ દિવસની જામીન અવધિ ગણવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ પર હુમલો કરવા અને રંગદારી વસૂલવાના ગંભીર કેસમાં નર્મદા સેશન્સ કોર્ટે ચૈતર વસાવા સહિતના આરોપીઓને ૭ વર્ષની કેદની સજા ફટકારી હતી. આ કેસ સંદર્ભે તેઓ હાલ વડોદરાની જેલમાં સજા ભોગવી રહ્યા છે. લોકપ્રતિનિધિ તરીકે જનતાના પ્રશ્નો રજૂ કરવા અને વિધાનસભા સત્રમાં હાજરી આપી શકાય તે હેતુથી તેમણે જામીન માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. સુનાવણી દરમિયાન સરકારી વકીલે જામીન અરજીનો સખત વિરોધ કરતા રજૂઆત કરી હતી કે, '૩ દિવસના સત્ર માટે માત્ર ૩ દિવસના જ જામીન આપવામાં આવે.' આ ઉપરાંત, સરકારી પક્ષે એવી પણ માંગણી કરી હતી કે જામીન દરમિયાન તેઓ કોઈ રાજકીય પ્રવૃત્તિ (પોલિટિકલ એક્ટિવિટી)માં જોડાય નહીં તેમજ મીડિયાને સંબોધન કે નિવેદન ન આપે. ગુજરાત હાઈકોર્ટે તમામ પક્ષોની દલીલો અને કાનૂની પાસાં ધ્યાને લઈ કડક શરતો સાથે ૭ દિવસના અંતરિમ જામીન મંજૂર કર્યા છે.

### PM મોદીની 8 સપ્ટેમ્બરની વડોદરા મુલાકાત અગાઉ

# મહાનગરપાલિકાએ સમગ્ર શહેરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું

વડોદરા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસ અગાઉ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા સમગ્ર શહેરમાં વ્યાપક સ્વચ્છતા અને પર્યાવરણ અભિયાન શરૂ કરાયું હતું. આ અભિયાનમાં હજારો સ્થાનિક રહીશો, સફાઈકર્મીઓ, સરકારી અધિકારીઓ, નેતાઓ ઉપરાંત વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8મી સપ્ટેમ્બરે વડોદરાની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ ગુજરાતમાં રૂ. 35,200 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત, તેઓ શહેરમાં યોજાનારા 'નમો 4 વિકસિત ભારત' કાર્યક્રમને પણ સંબોધિત કરશે. વડાપ્રધાનની મુલાકાત માટે ગુજરાત સરકારના વિશેષ 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન હેઠળ આ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાહેર સ્થળો, તળાવો, બગીચાઓ, આરોગ્ય અને બાળ સંભાળ કેન્દ્રો, ઐતિહાસિક વારસાગત સ્થળો



તથા જળાશયો અને શહેરના અન્ય સ્થળોની સ્વચ્છતા અને જાળવણી પર વિશેષ ભાર મુકાયો છે. 1 થી 4 સપ્ટેમ્બર દરમિયાન ચાલેલા આ અભિયાનમાં સમગ્ર શહેરમાંથી લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. 1 સપ્ટેમ્બરે કમલાનગર તળાવ અને તેની આસપાસના વિસ્તારોમાં યોજાયેલી સફાઈ ઝુંબેશમાં 16,000થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો, જ્યારે શહેરના 19 વોર્ડમાં 24,000થી વધુ લોકો સફાઈની કામગીરીમાં જોડાયા હતાં. આ કામગીરી માટે મિકેનિકલ સ્વીપર્સ, સેલ્ફ-પ્રોપેલ્ડ સ્વીપિંગ મશીનો, ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતા વાહનો, ઈ-વેહિકલ્સ, જેસીબી અને ડમ્પર્સ સહિત આશરે 300 જેટલા મશીનો અને વાહનો તૈનાત કરવામાં આવ્યા હતાં. પર્યાવરણીય જાગૃતિ અભિયાનના ભાગરૂપે વૃક્ષારોપણ અને છોડ વિતરણની પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી હતી. 2જી સપ્ટેમ્બરે વીએમસીએ આ સફાઈ અભિયાન આંગણવાડી કેન્દ્રો અને અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ (યુપીએચસી) સુધી વિસ્તાર્યું હતું. જે અંતર્ગત 30 આંગણવાડી કેન્દ્રો પર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

### છોટાઉદેપુરમાં LCBએ ઝડપી પાડ્યો

## મધ્યપ્રદેશના આરોપીએ પોલીસથી બચવા ઠેકાણું બદલ્યું



નર્મદા

તિલકવાડા પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં લાંબા સમયથી પોલીસની પકડથી દૂર રહેલા ભાગેડુ આરોપીને નર્મદા LCBની ટીમે છોટા ઉદેપુરમાંથી ઝડપી પાડી તિલકવાડા પોલીસને સોંપ્યો હતો. આરોપી ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હોવાની બાતમીના આધારે LCBએ ચોક્કસ વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો. નર્મદા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલની સૂચના મુજબ જિલ્લામાં નોંધાયેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત LCB PI આર.જી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમે હ્યુમન સોર્સ તથા ખાનગી બાતમીદારોને સક્રિય કર્યા હતા.

દરમિયાન બાતમી મળી હતી કે તિલકવાડા પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં આરોપી પિન્ટુભાઈ ગમસિંગ તોમર, રહે. ચોહાજી, પટેલ ફળિયું, પો. અંબાડેરી, તા.જી. ઝાબુઆ (મધ્યપ્રદેશ), ધરપકડથી બચવા માટે નાસતો ફરે છે અને છોટા ઉદેપુર ખાતે આવવાનો છે. બાતમીને આધારે LCB ટીમે છોટા ઉદેપુર ખાતે તપાસ હાથ ધરી હતી. દરમિયાન બાતમીમાં વર્ણવેલો આરોપી મળી આવતાં પોલીસે તેને ઝડપી લીધો હતો. ત્યારબાદ આરોપીને તિલકવાડા પોલીસ સ્ટેશનને સોંપી તેની સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### 'ખેડૂતો મરી રહ્યા છે, ધારાસભ્યો અવાજ ઉઠાવો!'

## રાજ્યમાં દુષ્કાળ જાહેર કરવા ઈસુદાન ગઢવીની 53 ધારાસભ્યોને ચિઠ્ઠી; રાજકારણમાં ગરમાવો!

અમદાવાદ

ગુજરાતમાં અપૂરતા વરસાદ અને ખેતી પર તોળાતા ઘોર સંકટ વચ્ચે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક મોટો રાજકીય અને સામાજિક દાવ ખેલ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણી અને ચારાની વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઈસુદાન ગઢવીએ આ ત્રણેય વિસ્તારોના તમામ 53 ધારાસભ્યોને પત્ર લખીને ઉગ્ર અપીલ કરી છે. તેમણે માંગ કરી છે કે પક્ષપાત ભૂલીને તમામ ધારાસભ્યો એકસૂરે મુખ્યમંત્રી સમક્ષ ગુજરાતમાં સત્તાવાર રીતે 'દુષ્કાળ' જાહેર કરવાની રજૂઆત કરે.

ઈસુદાન ગઢવીએ પોતાના પત્રમાં રાજ્યના ખેડૂતો અને માલધારીઓની દર્દનાક સ્થિતિનો ઉલ્લેખ કરતા ધારાસભ્યોને ઝંઝોડવાનો પ્રયાસ કર્યો છે.

ધારાસભ્યોને ટાંક્યા: ભાજપ, કોંગ્રેસ કે આપ... પક્ષ ગમે તે હોય, પરંતુ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના 53 ધારાસભ્યોને જનતાએ ચૂંટ્યા છે, તેથી ખેડૂતોના હક્ક માટે બોલવાની તેમની જવાબદારી છે.

તમામ 53 ધારાસભ્યો વ્યક્તિગત અને સામૂહિક રીતે મુખ્યમંત્રીને મળીને આ વિસ્તારોને ત્વરિત અસરથી 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરવા માટે દબાણ બનાવે.

ઈસુદાન ગઢવીએ ચોખ્ખા શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, માત્ર ઉપરછલ્લી મદદ કે રાહત પેકેજની જાહેરાતોથી ખેડૂતોનું ભલું નહીં થાય. જો સરકાર કાયદાકીય રીતે આ વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કરશે, તો જ નિયમ મુજબ ખેડૂતોના વીજ બિલ, ખેતી વિષયક લોન અને અન્ય સરકારી વેરાઓ માફ થઈ શકશે. ઉપરાંત, માલધારીઓના પશુઓને બચાવવા માટે વિનામૂલ્યે ઘાસચારાના ડેપો શરૂ કરી શકાશે.

હવે સૌની નજર સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના આ 53 ધારાસભ્યો પર મંડાયેલી છે. શું આ ધારાસભ્યો પોતપોતાના પક્ષીય ચોકઠામાંથી બહાર આવીને ખેડૂતોના અવાજ બનીને મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરશે? કે પછી ઈસુદાનના આ પત્રને રાજકીય સ્ટંટ ગણાવીને ફગાવી દેશે? તે જોવું રહ્યું.

## મહેસાણા રેલવે સ્ટેશન પાસે MDનો મોટો જથ્થો ઝડપાયો, બે ડ્રગ્સ પેડલર દબોચાયા

મહેસાણા

મહેસાણા રેલવે સ્ટેશન વિસ્તારમાં MD ડ્રગ્સની ગેરકાયદેસર હેરાફેરી સામે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ના ગાંધીનગર અને અમદાવાદ ઝોનની સંયુક્ત ટીમે સપાટો બોલાવ્યો હતો. વિશ્વસનીય બાતમીના આધારે સઘન સર્વેલન્સ અને પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હિલચાલ પર નજર રાખી કાર્યવાહી કરતાં બે આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

પોલીસે આરોપી ભીખારામ દીપારામ સિહોલ (બિશ્નોઈ), ઉંમર 46 વર્ષ, મૂળ રાજસ્થાન તથા સૂરજ માંગુસિંગ રાજપુરોહિત, ઉંમર 27 વર્ષ, રહે. અમદાવાદ, મૂળ રાજસ્થાનને ઝડપી પાડ્યા હતા. બંને સામે NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી 204.86 ગ્રામ MD ડ્રગ્સ, કિંમત રૂ.6,14,580, એક AURA કાર કિંમત રૂ.4 લાખ તેમજ ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.11,34,580નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કેસમાં આગળની તપાસ અમદાવાદ ઝોન ANTFને સોંપવામાં આવી છે.

### રહેણાક વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ હબ કેમ?'

## વડોદરા વોર્ડ નંબર-1ના TP-13 FP-58 પ્લોટ મુદ્દે રહીશોનો ભયંકર હોબાળો

વડોદરા

વડોદરા શહેરના વોર્ડ નંબર ૧ માં આવેલા TP-13 ના FP-58 નંબરના પ્લોટમાં ટ્રાન્સપોર્ટ હબ બનાવવાના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ના નિર્ણય સામે સ્થાનિક રહીશોમાં ભયંકર આક્રોશ ફાટી નીકળ્યો છે. રામવાટિકા સહિત આસપાસની તમામ સોસાયટીના રહીશો રસ્તા પર ઉતરી આવ્યા છે અને તંત્રના આ અસંવેદનશીલ નિર્ણય સામે વિરોધનો સૂર બુલંદ કર્યો છે. શાંત રહેણાક વિસ્તારની વચ્ચે અચાનક ટ્રાન્સપોર્ટ હબ ઊભું કરીને તંત્ર અહીંના હજારો નાગરિકોના શાંતિપૂર્ણ જીવન સાથે ખીલવાડ કરી રહ્યું હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

સ્થાનિકોનો મુખ્ય વિરોધ એ વાતનો છે કે રહેણાક વિસ્તારની વચ્ચોવચ ટ્રાન્સપોર્ટ હબ બનશે તો દિવસ-રાત ભારે વાહનો અને ટ્રકોની અવરજવર સતત ચાલુ રહેશે.

સોસાયટીની બહાર રમતા બાળકો અને રસ્તો ઓળંગતા વૃદ્ધો માટે કાળમુખા હેવી વાહનો સતત અકસ્માતનું કારણ બનશે.

ટ્રાન્સપોર્ટ હબ શરૂ થવાથી હવા અને ઘોંઘાટનું પ્રદૂષણ વધશે, જેનાથી રહીશોનું જીવવું હરામ થઈ જશે.

સાંકડા રસ્તાઓ પર મોટા વાહનો લાઈન લગાવશે, જેનાથી રોજિંદો ટ્રાફિક જામ સર્જાશે. વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક અગ્રણીઓએ સ્થાનિક નેતાઓ પર પણ તીખા પ્રહારો કર્યા હતા. રહીશોએ એકસૂરે સવાલ ઉઠાવ્યો હતો કે, 'ચૂંટણી સમયે વોટ માંગવા આવતા વડોદરા વોર્ડ નંબર ૧ ના અમારા કોર્પોરેટર અત્યારે ક્યાં ગાયબ છે? જ્યારે લોકોની સુરક્ષા અને શાંતિ જોખમમાં છે ત્યારે જનપ્રતિનિધિઓ કેમ મૌન સેવીને બેઠા છે?'

TP-13 ના તમામ રહીશોએ એકતા બતાવીને કોર્પોરેશન સામે આરપારની લડાઈનું એલાન કર્યું છે. રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે: જો કોર્પોરેશન આ પ્લોટ પરથી ટ્રાન્સપોર્ટ હબ ખસેડવાનો નિર્ણય નહીં લે, તો આવનારા દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર અને આક્રમક બનશે.

જો ભાવિ સમયમાં આ ટ્રાન્સપોર્ટ હબને કારણે કોઈ અકસ્માત કે જાનહાનિ થશે, તો તેની તમામ કાનૂની અને નૈતિક જવાબદારી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે.

### વડોદરામાં PMના આગમન પહેલા રાજકારણ ગરમાયું

## વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખના ભાજપ અને પાલિકા પર તીખા પ્રહારો, વડાપ્રધાનના વચનો સામે ઉઠાવ્યા સવાલો

વડોદરા

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે સંસ્કારી નગરી વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે તેમના આગમન પૂર્વે જ શહેરના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા એક આપાતકાલીન પ્રેસ કોન્ફરન્સ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ વડોદરા મહાનગરપાલિકાના શાસકો સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પ્રમુખે ભાજપ સરકારની કામગીરી અનેPM મોદી દ્વારા ભૂતકાળમાં આપવામાં આવેલા વચનો પર સીધા સવાલો ઊભા કરી જનતાને ગુમરાહ કરવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. પ્રેસ કોન્ફરન્સને સંબોધતા વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે પણ વડોદરા આવે છે ત્યારે મોટા-મોટા દાવાઓ અને વાયદાઓ કરીને જતા રહે છે, પરંતુ વાસ્તવિકતામાં વડોદરાની જનતાને માત્ર નિરાશા જ સાંપડી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, વડાપ્રધાને ભૂતકાળમાં આપેલા વચનો અને હાથ ધરેલા કાર્યો માત્ર કાગળ પર જ સીમિત રહ્યા છે. ભાજપ સરકાર અને વડોદરા મહાનગરપાલિકાના ભ્રષ્ટ શાસનને કારણે આજે સંસ્કારી નગરી તહેસ-નહેસ થઈ ગઈ છે. વડાપ્રધાન માત્ર ઝાકઝમાળ અને તહેવારો જેવો માહોલ ઊભો કરીને વડોદરાના સામાન્ય નાગરિકોને ગુમરાહ કરવાનું કામ કરી રહ્યા છે. વધુમાં કોંગ્રેસ પ્રમુખે વડોદરા મહાનગરપાલિકાના કચરપટ્ટી જેવા શાસન પર પ્રહારો કરતા કહ્યું કે, આજે શહેરમાં ચોમાસા દરમિયાન બિસ્માર રસ્તા, દૂષિત પાણી અને રખડતા ઢોરની સમસ્યાથી સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ગઈ છે. સ્માર્ટ સિટીના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે, છતાં મૂળભૂત સુવિધાઓ આપવામાં ભાજપનું તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે. જ્યારે પણ વડાપ્રધાન આવે છે ત્યારે પ્રજાના કરોડો રૂપિયાના ટેક્સના પૈસા ધુમાડો કરીને માત્ર સ્વાગત અને રોડ-શો પૂરતો તામજામ કરવામાં આવે છે.

### મહેમદાવાદ પોલીસ સ્ટેશન બન્યું ખાખીના કલંકનું કેન્દ્ર

## ₹50,000ની માંગણી અને બૂટલેગરો માટે 'સ્વર્ગ' બન્યાનો સનસનાટીભર્યો આરોપ!

ખેડા

ખેડા જિલ્લાનું મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફરી એકવાર ભારે વિવાદના વમળમાં ફસાયું છે. કાયદો અને વ્યવસ્થાની રક્ષા કરવાનો જેમના શિરે દારોમદાર છે, એ જ પોલીસ મથકના વહીવટ પર ગંભીર સવાલો ઊભા થયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડિયોએ ખેડા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચાવી દીધો છે, જેમાં પોલીસ કર્મચારીની કથિત લાંચખોરી અને ગેરકાયદે અટકાયતનો ખુલ્લેઆમ પર્દાફાશ થઈ રહ્યો છે.

વાયરલ વિડિયોમાં કરાયેલા દાવો મુજબ, મહેમદાવાદ પોલીસ સ્ટેશનના બીટ જમાદાર અરવિંદભાઈ રાઠોડ સામે નિર્દોષ યુવકોને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવાનો અને મામલો થાળે પાડવા 50,000ની કથિત માંગણી કરવાનો સંગીન આરોપ લાગ્યો છે:

આ યુવકોને કયા ગુના હેઠળ લાવવામાં આવ્યા? શું તેમની અટકાયત અંગેની કોઈ સત્તાવાર નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવી હતી કે નહીં? 'સેટલમેન્ટ'ના નામે નાણાંની માંગણી કરતા વાયરલ વિડિયોથી પોલીસ તંત્રની કામગીરી સામે લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિકો અને અહેવાલો મુજબ, મહેમદાવાદ પોલીસ સ્ટેશન વિસ્તાર ગુનેગારો અને બૂટલેગરો માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું હોય તેવું ચિત્ર ઊભું થયું છે. વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠીઓ અને વિદેશી દારૂનું વેચાણ કોઈ પણ ડર વગર ધમધમી રહ્યું છે, જે ભવિષ્યમાં કોઈ મોટા લઠાકાંડને ખુલ્લું આમંત્રણ આપી રહ્યું છે. પી.આઈ.થી લઈને વહીવટદારો સુધીની ભૂમિકા સામે સવાલો ઉઠી રહ્યા છે. એલસીબી (LCB) અને જિલ્લા પોલીસ વડા (SP) આ તમામ બાબતો પ્રત્યે શા માટે આંખ આડા કાન કરી રહ્યા છે, તે સૌથી મોટો આશ્ચર્યનો વિષય છે. આ સ્થિતિ જોતાં એવું લાગે છે કે સ્થાનિક પોલીસ તંત્ર રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓને ખુલ્લેઆમ ચોકડી મારી રહ્યું છે.

## તંત્રી લેખ...

# નારાઓ પાછળ છુપાયેલું કડવું સત્ય: શું સ્ત્રી સશક્તિકરણ માત્ર એક ભ્રમ છે?

સ્ટેજ પરથી અપાતા ભાષણોથી આગળ વધીને જુઓ–જે જમીન પર સશક્તિકરણ પહોંચવું જોઈતું હતું, ત્યાં આજે પણ અંધકાર, મજબૂરી અને અસહાયતાનું સામ્રાજ્ય છે!

આજે વિમેન એમ્પાવરમેન્ટ (સ્ત્રી સશક્તિકરણ) શબ્દ એટલો ફેશનેબલ બની ગયો છે કે દરેક ટીવી શો, સેમિનાર અને સોશિયલ મીડિયા કેમ્પેઈનમાં તેની જ ચર્ચા છે. પરંતુ ક્યારેય વિચાર્યું છે કે આ બધા ઘોંઘાટ વચ્ચે એ સ્ત્રી ક્યાં છે, જેને ખરેખર આ શબ્દની સૌથી વધુ જરૂર હતી? સત્ય એ છે કે સમાજનો એક બહુ મોટો વર્ગ આજે પણ એ ભ્રમમાં જીવે છે કે મહિલાઓ મુક્ત થઈ ગઈ છે. પણ વાસ્તવિકતામાં, જે સ્ત્રી સુધી આ વિચાર પહોંચવો જોઈતો હતો, તેના માટે જીવન આજે પણ ૧૦૦ વર્ષ જૂના વળાંક પર જ અટકેલું છે.

જ્યાં સશક્તિકરણની સખત જરૂર છે, ત્યાં આજે પણ મૌન અને મજબૂરી છે

આપણે એ દાવાઓ નાબૂદ કરવા પડશે કે સ્ત્રી આજે દરેક ક્ષેત્રમાં આગળ વધી ગઈ છે. ચોક્કસ, એક નાનો વર્ગ આગળ આવ્યો છે, પરંતુ સમાજના નીચલા વર્ગની અને છેવાડાના વિસ્તારોની સ્ત્રીઓની સ્થિતિ જુઓ:

અધૂરા ભણતરની દર્દનાક કથા: જે દીકરીને ગણિત, વિજ્ઞાન કે સાહિત્ય ભણવું છે, તેને 'છોકરી થઈને આટલું ભણીને શું કરીશ?' કહીને શાળાએથી ઉઠાડી લેવામાં આવે છે.

આર્થિક ગુલામી અને કૌટુંબિક બોજ: જેને કમાવું છે, પોતાના પગ પર ઊભા રહેવું છે, તેને ઘરના કામકાજ, બાળઉછેર




અને મજબૂરીની સાંકળોમાં એવી બાંધી દેવામાં આવે છે કે તે પોતાના સપનાઓનો ગળું ઘોંટી દે છે.

નિર્ણય લેવાના અધિકારથી વંચિત: પોતાના લગ્ન, પોતાની કારકિર્દી કે પોતાના શરીર અંગેનો નિર્ણય લેવાનો પણ તેને અધિકાર નથી. તે માત્ર પરિવારના નિર્ણયોને શિરપાવ ગણીને જીવે છે.

અન્યાય સામે લાચારી: ઘરેલુ હિંસા કે સામાજિક શોષણ સહન કરતી સ્ત્રી અવાજ નથી ઉઠાવી શકતી, કારણ કે તેની પાસે જવા માટે બીજું કોઈ ઠેકાણું કે આર્થિક આધાર નથી.

સશક્તિકરણના નામે 'સ્વચ્છંદતા' અને 'બહાનાબાજી': એક ભયાનક ગેરસમજ

સશક્તિકરણનો અર્થ ક્યારેય એવો નથી થતો કે સ્ત્રી પોતાના મનફાવે તેમ વર્તે, સંબંધોની મર્યાદાઓનો છેદ ઉડાડી દે, કે પરિવાર અને સમાજને નીચો બતાવે.

સમાજનો એક ચોક્કસ વર્ગ આજે 'ઓપન માઈન્ડેડ' થવાના ચક્કરમાં પોતાના છાકટા વર્તનને, જવાબદારીઓમાંથી ભાગવાની વૃત્તિને કે પોતાની ભૂલોને 'મારું સશક્તિકરણ' અથવા 'મારી સ્વતંત્રતા' કહીને વ્યાજબી ઠેરવવાની કોશિશ કરે છે. આ સશક્તિકરણ નથી, આ માત્ર એક બહાનું છે. જો 'એમ્પાવરમેન્ટ' શબ્દ ન હોત, તો આ માનસિકતા ધરાવતા લોકો પોતાના પતનને યોગ્ય ઠેરવવા બીજું કોઈ નામ શોધી લેત.

સશક્તિકરણ એટલે સ્વચ્છંદતા નહીં, પણ સમજણ સાથેની સ્વતંત્રતા.

સાચું સશક્તિકરણ કોને કહેવાય?

ખરેખર સશક્ત સ્ત્રી એ નથી જે બીજાને નીચા દેખાડે કે પરંપરાઓના ધજાગરા ઉડાડે. સાચી સશક્ત સ્ત્રી એ છે:

૧. જે આર્થિક અને માનસિક રીતે આત્મનિર્ભર છે: જે પોતાના રોટલા જાતે કમાઈ શકે છે અને પોતાના નિર્ણયો જાતે લેવાની હિંમત ધરાવે છે.

૨. જે સ્પષ્ટ વક્તા છે: જે પોતાની 'હા' માં 'હા' અને 'ના' માં 'ના' મક્કમતાથી કહી શકે છે, કોઈના દબાણમાં આવ્યા વગર.

૩. જે અન્યાય સામે અવાજ ઉઠાવે છે: પોતાની સાથે કે અન્ય કોઈ સાથે થતા ગલત વર્તન સામે જે મૌન નથી રહેતી.

૪. જે જવાબદારી સમજે છે: જે સ્વતંત્રતાની સાથે સાથે પોતાના પરિવાર, સંબંધો અને સામાજિક મર્યાદાઓની ગરિમા જાળવે છે.

હવે વ્યાખ્યાઓ આપવાનું બંધ કરો–કેવળ કામ કરો!

આપણે એવા તબક્કે પહોંચી ગયા છીએ જ્યાં હવે સ્ત્રી સશક્તિકરણ પર ભાષણો આપવાની, મોટા સેમિનારો યોજવાની કે પ્લેકાર્ડ્સ લઈને ફોટા પડાવવાની કોઈ જરૂર નથી. હવે સાબિત કરવાનું બંધ કરવું પડશે.

જ્યાં સશક્તિકરણના નામે માત્ર બહાના બનાવવામાં આવે છે, ત્યાં તેને 'સશક્તિકરણ' કહેવાનું બંધ કરી દો. અને જ્યાં ખરેખર જરૂર છે–એટલે કે ઝૂંપડપટ્ટીઓમાં, ગામડાઓમાં અને શ્રમિક વર્ગના ઘરોમાં રહેતી સ્ત્રીઓ સુધી શિક્ષણ, કાનૂની મદદ, આરોગ્ય અને રોજગારીની તકો પહોંચાડવા માટે તાત્કાલિક ધોરણે કામ શરૂ કરો. નારાઓથી નહીં, નક્કર કામથી જ સમાજમાં સકારાત્મક પરિવર્તન આવશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# 'નકલી ગુજરાત': રાજ્યમાં દૂધ-ઘીથી લઈને ચલણી નોટો અને સાબુ સુધી બધું જ નકલી! શું સરકાર અને આરોગ્ય મંત્રી ઊંઘી રહ્યા છે?

અમદાવાદ

ગુજરાત જેને આપણે 'મોડેલ સ્ટેટ' અને 'વિકાસશીલ ગુજરાત' કહીએ છીએ, તે આજે નકલી અને ભેળસેળયુક્ત ચીજવસ્તુઓનું મોટું હબ બની ગયું છે. છેલ્લા ૧ વર્ષમાં રાજ્યના ખૂણે-ખૂણેથી ઝડપાયેલા નકલી ફેક્ટરીઓ અને ભેળસેળના રેકેટના આંકડા જોઈને કોઈપણ નાગરિકના રૂંવાડા ઊભા થઈ જાય તેમ છે. સવારના ચા-નાસ્તાથી લઈને રાતના ભોજન સુધી, અને રોજિંદા વપરાશની ચીજોથી લઈને ચલણી નોટો સુધી... બધું જ નકલી વેચાઈ રહ્યું છે. પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે અને તંત્ર તમાશો જોઈ રહ્યું છે.

આ પણ નકલી, પેલું પણ નકલી: ઝેરનો કારોબાર પૂરજોશમાં

છેલ્લા એક વર્ષમાં સામે આવેલા નકલી અને ભેળસેળયુક્ત ખાદ્ય-વપરાશી ચીજવસ્તુઓના મુખ્ય રેકેટોનું વિશ્લેષણ:

નકલી દૂધ, ઘી, તેલ અને મસાલા: શુદ્ધતાના નામે કેમિકલ, પામ તેલ અને ઝેરી પદાર્થો ભેળવીને ઘરે-ઘરે કેન્સર જેવા રોગો પીરસવામાં આવી રહ્યા છે. શુદ્ધ દેશી ઘીના નામે વનસ્પતિ અને એસેન્સનો ખેલ ચાલુ છે.

નકલી શેમ્પૂ, સાબુ અને ડિટર્જન્ટ: જાણીતી બ્રાન્ડના નામે ડુપ્લિકેટ પેકિંગ કરીને ત્વચાના રોગો ફેલાવતો સાબુ અને શેમ્પૂ બજારમાં ખુલ્લેઆમ વેચાય છે.

ફેવિકવિક (Fevikwik) અને ગ્લુ: દૈનિક વપરાશની મજબૂત પકડ ધરાવતી બ્રાન્ડ્સની પણ બોગસ કોપી બનાવી ગ્રાહકોને છેતરવામાં આવી રહ્યા છે.

નકલી કોસ્મેટિક્સ અને ઓટો પાર્ટ્સ: મહિલાઓના ચહેરાને નુકસાન પહોંચાડતા નકલી બ્યુટી પ્રોડક્ટ્સ અને વાહનોના અકસ્માત સર્જતા બોગસ ઓટો પાર્ટ્સનું મોટું નેટવર્ક સક્રિય છે.

નકલી સિગારેટ, બીડી અને નકલી દારૂ: ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે. કલર અને કેમિકલ ભેળવીને ઝેરી દારૂ અને નકલી સિગારેટથી કરોડોનો કાળો કારોબાર ચાલે છે.

નકલી ચલણી નોટો અને ડમી ફોન: અર્થતંત્રને પોકળ કરતી નકલી નોટોના વારંવાર ઝડપાતા જથ્થા અને ઓનલાઈન શોપિંગમાં અસલીના નામે ડમી ફોન પધરાવી દેવાના કૌભાંડો વધ્યા છે.

કઈ બ્રાન્ડ કે કઈ વસ્તુમાં શું ખેલ?

| વસ્તુ / ક્ષેત્ર | કેવી રીતે થાય છે નકલી કારોબાર? | નાગરિકો પર અસર |
| --- | --- | --- |
| ખાદ્ય પદાર્થો (દૂધ, ઘી, મસાલા) | કેમિકલ, પામ તેલ અને કૃત્રિમ કલરનો વપરાશ | કેન્સર, લિવર અને કિડનીના ગંભીર રોગો |
| કોસ્મેટિક્સ અને શેમ્પૂ | સસ્તા અને ઝેરી કેમિકલ્સનું મિશ્રણ | ત્વચાનું ઈન્ફેક્શન અને વાળ ખરવા |
| ઓટો પાર્ટ્સ અને ગ્લુ | નબળી ગુણવત્તાનું મટીરીયલ | વાહન અકસ્માત અને આર્થિક નુકસાન |
| ચલણી નોટો અને ઈ-કોમર્સ | હાઈ-ટેક પ્રિન્ટિંગ અને ડમી પ્રોડક્ટ્સ | દેશના આર્થિક માળખાને નુકસાન |

સરકાર અને આરોગ્ય મંત્રીને સીધા સવાલો

ગુજરાતની જનતા આજે પૂછી રહી છે કે, શું રાજ્યમાં ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ માત્ર હપ્તા ઉઘરાવવા માટે જ છે? જ્યારે કોઈ નકલી ફેક્ટરી ઝડપાય છે ત્યારે માત્ર દરોડા પાડીને કેમ સંતોષ માની લેવાય છે?

આરોગ્ય મંત્રીને સવાલ: નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરતા આ નરાધમો સામે આજીવન કેદ કે ફાંસી જેવા સખત કાયદા કેમ લાવવામાં આવતા નથી?

તંત્રની પોલ: માત્ર ફેક્ટરી સીલ કરવાથી શું કાળો કારોબાર અટકી જશે? માસ્ટરમાઈન્ડ સુધી પોલીસ કેમ પહોંચતી નથી?

જો સરકાર અને આરોગ્ય વિભાગ હવે પછી પણ આંખ આડા કાન કરશે અને આ પાપીઓ સામે દંડાત્મક પગલાં નહીં લે, તો ગુજરાતનો સામાન્ય નાગરિક હોસ્પિટલોના ખાટલે ધકેલાઈ જશે. 'પાક્કો ગુજરાત' તંત્રને આહ્વાન કરે છે કે આ ઝેરના વેપારીઓને જેલના સળિયા પાછળ ધકેલો અને કડકમાં કડક દાખલો બેસાડો.

# આપણને દરેક મુશ્કેલીની "હોમ ડિલિવરી" લેવાની આદત પડી ગઈ છે!

આજના સમયમાં સામાન્ય નાગરિકની માનસિકતા એવી બની ગઈ છે કે સિસ્ટમ ગમે તેટલી નિષ્ફળ જાય, આપણે ક્યારેય સરકાર પાસે જવાબ માગવા નથી જતા. એના બદલે, આપણે પોતાની 'પર્સનલ વ્યવસ્થા' કરવામાં મંડી પડીએ છીએ. સિસ્ટમની દરેક નાકામીને આપણે ચૂપચાપ સ્વીકારી લઈએ છીએ અને પોતાના કમાયેલા પૈસા ફેંકીને તેનો અંગત ઉકેલ શોધી લઈએ છીએ. રસ્તા, આરોગ્ય અને સુરક્ષા: કાગળ પર પ્રગતિ, જમીન પર બરબાદી! આપણે ટેક્સ ભરીએ છીએ જેથી આપણને ઉત્તમ બુનિયાદી સુવિધાઓ મળે, પણ વાસ્તવિકતા સાવ ઉલટી છે: ગાડામાર્ગ જેવા રસ્તાઓ અને SUVની મજબૂરી: રસ્તાઓ પર પડેલા ખાડાઓ પુરવાની કે ગુણવત્તાયુક્ત રોડ બનાવવાની તંત્રની જવાબદારી છે. પણ આપણે રોડ ઠીક કરાવવા અવાજ ઉઠાવવાને બદલે મોટી અને મોંઘી SUV ગાડીઓ ખરીદી લઈએ છીએ, જેથી આપણી કમર ન તૂટે! સરકારી હોસ્પિટલોના ધાંધિયા અને પ્રાઈવેટનું લૂંટફાટ: સરકારી હોસ્પિટલોમાં લાઈનો, વહિવટી અરાજકતા અને સુવિધાઓનો અભાવ છે. પરિણામે, સામાન્ય માણસ પોતાની આખી કમાણી નીચોવીને મોંઘા મેડિક્લેમ લે છે અને પ્રાઈવેટ હોસ્પિટલોના લાખોના બિલ ભરે છે. ચોર-ઉચક્કાનો ડર અને પ્રાઈવેટ સિક્યોરિટી: કાયદો અને વ્યવસ્થા જાળવવી એ પોલીસ અને તંત્રનું કામ છે. પરંતુ ચોરી અને ગુનાખોરીના ડરથી બચવા આપણે પોતાની સોસાયટીઓમાં પ્રાઈવેટ સિક્યોરિટી અને CCTV કેમેરા પાછળ હજારો રૂપિયાનો વધારાનો ખર્ચ કરવો પડે છે. પૈસા ફેંકો અને જાતે જીવો: ટેક્સપેયરની આકરી લાચારી સિસ્ટમમાં કોઈ પણ ખામી હોય, આપણી પાસે એક જ સરખો પ્લાન હોય છે: 'પૈસા ફેંકો અને પોતાની વ્યવસ્થા જાતે કરી લો!' આપણે ક્યારેય રોડ, રસ્તા, શિક્ષણ કે આરોગ્ય માટે પોતાના હકનો અવાજ નથી ઉઠાવતા. દર વર્ષે ઈમાનદારીથી ટેક્સ ભર્યા પછી પણ, આપણી લાઈફસ્ટાઈલ સેટ કરવાના નામે ખિસ્સા ખાલી કરતા રહીએ છીએ. સરકાર આપણને જે પ્રાથમિક સુવિધાઓ આપવા માટે બંધાયેલી છે, તે તમામ સુવિધાઓ આપણે માર્કેટમાંથી ખરીદવી પડે છે. નેતાઓનો અહંકાર અને મધ્યમ વર્ગની પીડા, આ બધી લાચારી અને આર્થિક શોષણ વચ્ચે સૌથી મોટો મજાક એ થાય છે કે જ્યારે ટેક્સના આંકડા વધે છે અથવા મોંઘી ગાડીઓનું વેચાણ વધે છે, ત્યારે નેતાઓ અને શાસકો ગર્વથી છાતી ઠોકીને કહે છે: 'જુઓ, આપણો દેશ કેટલી પ્રગતિ કરી રહ્યો છે!' લોકોની મજબૂરીમાં ખરીદાતી ગાડીઓ અને ખાનગી સુવિધાઓને જો સરકાર પોતાની 'વિકાસની સિદ્ધિ' ગણાવતી હોય, તો આનાથી મોટો કોઈ વિરોધાભાસ હોઈ ન શકે.

# આયર્ન લેડી ઓફ ગુજરાત આઈપીએસ ગીતા જોહરી -વર્દીનો વટ, વર્ચસ્વ અને ન્યાયનો ઝંઝાવાત...!

ગુજરાત પોલીસના ઈતિહાસમાં જ્યારે પણ નિર્ભીકતા, આકરી મહેનત અને મક્કમ મનોબળની વાત નીકળશે, ત્યારે આઈપીએસ ગીતા જોહરીનું નામ સૌથી પહેલી હરોળમાં સુવર્ણ અક્ષરે બોલાશે. રાજ્યના પ્રથમ મહિલા આઈપીએસ અધિકારીથી લઈને પ્રથમ મહિલા ડીજીપી (Director General of Police) સુધીની તેમની આખી સફર માત્ર એક હોદ્દો નહોતી, પણ ખાખી વર્દીની શાન અને પ્રજાના વિશ્વાસનું પ્રતીક હતી. 'પાક્કો ગુજરાત' આજે આ ખાખી ધારી 'આયર્ન લેડી'ની એ અદભુત અને જોરદાર કહાની લઈને આવ્યું છે, જેણે ગુનેગારોના છક્કા છોડાવી દીધા હતા.

અહમદાબાદના ડન સરીફ ખાન પર સપાટો: પોપટીયાવાડનું એ ઐતિહાસિક ઓપરેશન

ગીતા જોહરી સાહેબની કારકિર્દીમાં અનેક સિદ્ધિઓ છે, પણ વર્ષ 1992માં અહમદાબાદના અતિ સંવેદનશીલ અને ભયાનક ગણાતા પોપટીયાવાડ વિસ્તારમાં




તેમણે કરેલું ઓપરેશન આજે પણ પોલીસ બેડામાં રોમાંચ જગાવે છે:

ડનનો આતંક: એ જમાનામાં અંડરવર્લ્ડ અને દાઉદ ઈબ્રાહિમ સાથે સીધો સંબંધ ધરાવતો ગેંગસ્ટર અબ્દુલ લતીફ સમગ્ર શહેરમાં ખોફનું બીજું નામ હતો. તેનો સજ્જડ સાગરિત સરીફ ખાન પોપટીયાવાડની સાંકડી ગલીઓમાં પોતાનો ગેરકાયદેસર કાળો કારોબાર ચલાવતો હતો અને તંત્ર ત્યાં પગ મુકતા અચકાતું હતું.

મધ્યરાત્રિની આકરી રેડ: તત્કાલીન ડીસીપી ગીતા જોહરીએ કોઈ પણ મોટા ગાજાવાજા વગર અતિ ગુપ્ત પ્લાન ઘડ્યો. પોતાના જીવનું જોખમ હોવા છતાં, કોઈ પણ મોટા પોલીસ કાફલા વગર મોડી રાત્રે પોપટીયાવાડના ગઢમાં સીધી એન્ટ્રી કરી.

AK-47 સામે ખાખીની ખુમારી: ગીતા જોહરી પર ગોળીબાર થયો, સામસામે રાઉન્ડ ફાયરિંગ થયા. પણ ડરવાને બદલે તેમણે સામનો કર્યો અને સરીફ ખાનના અડ્ડાને તહસ-નહસ કરી નાખ્યો. આ ઓપરેશને અંડરવર્લ્ડના પાયા હલાવી દીધા અને ગુજરાતની જનતાને સંદેશ મળ્યો કે 'હવે ગુનેગારો ખેર નથી!'

### સત્ય અને ન્યાયની આકરી કસોટી પર ખરા ઉતર્યા

ગીતા જોહરી માત્ર ઓપરેશનલ હિંમત માટે જ નહીં, પણ પોતાની નિષ્પક્ષ અને આકરી તપાસ શૈલી માટે પણ જાણીતા રહ્યા.

હાઈપ્રોફાઈલ કેસોમાં તપાસ: સોહરાબુદ્દીન એન્કાઉન્ટર જેવા અત્યંત



જટિલ અને રાજકીય રીતે સંવેદનશીલ કેસની સીઆઈડી (CID) તપાસ દરમિયાન તેમણે જે તટસ્થતા બતાવી, તેણે દેશની સર્વોચ્ચ અદાલતમાં પણ તેમની ઈમેજ એક નીડર અને પ્રામાણિક અધિકારી તરીકે સ્થાપિત કરી.

પ્રથમ મહિલા ડીજીપી તરીકેનો તાજ: વર્ષ 2017માં તેમને ગુજરાતના રાજ્ય પોલીસ વડા (DGP) તરીકે નીમવામાં આવ્યા. આ પદ મેળવનાર તેઓ ગુજરાતના પ્રથમ મહિલા અધિકારી બન્યા અને તેમણે સાબિત કર્યું કે ખાખીમાં જેન્ડર નહીં પણ જીગર મહત્વનું છે.

### નિર્ભીકતા, નિષ્ઠા અને ન્યાયનું ઉદાહરણ

જે સમયે મહિલાઓ માટે પોલીસ સૈન્યના ઉચ્ચ હોદ્દાઓ એક સપનું ગણાતા, તે સમયે ગીતા જોહરીએ પોતાની કડક છાપ, સમયસૂચકતા અને કાયદાના પાલનથી સિસ્ટમને નવી દિશા આપી. તેમની કામગીરી આજે પણ નવી પેઢીના આઈપીએસ અધિકારીઓ માટે પ્રેરણાસ્રોત છે.

**'પાક્કો ગુજરાત' તરફથી આવી સિંહણ જેવી મહિલા આઈપીએસ અધિકારી ગીતા જોહરીને સલામ, જેમણે બતાવી આપ્યું કે: 'વર્દી જ્યારે ન્યાયના પક્ષે ઊભી રહે છે, ત્યારે ગુનો અને ગુનેગાર આપોઆપ ભાંગી પડે છે!'**

# દેશ બદલાઈ રહ્યો છે કે આક્રોશનો જ્વાળામુખી ફાટી રહ્યો છે? ખેડૂત, શિક્ષકથી લઈને નિવૃત્ત જવાનો સુધી આંદોલનનો વંટોળ: ભાજપના નેતાઓની મોજ અને પ્રજા પર કરોડોનું દેવું!

પવન માકન (ગ્રુપ એડિટર)

'દેશ બદલાઈ રહ્યો છે' - સત્તાધીશોના મુખેથી સાંભળવા મળતો આ નારો આજે સામાન્ય નાગરિકના કાનમાં કડવી મજાક સમાન વાગી રહ્યો છે. બદલાવ ચોક્કસ આવ્યો છે, પણ એ બદલાવ સમૃદ્ધિનો નથી, આંદોલનોની હારમાળાનો છે. આજે સ્થિતિ એવી સર્જાઈ છે કે સમાજનો એક પણ વર્ગ એવો નથી બચ્યો જેને પોતાના હક અને રોજીરોટી બચાવવા માટે શેરીઓ પર ઉતરવું ન પડ્યું હોય.

દરેક ક્ષેત્રમાં વિરોધની આગ: આખરે પ્રજા ક્યાં સુધી રસ્તા પર રઝળશે?

જે દેશમાં અન્નદાતા, શિક્ષક અને દેશના રક્ષકોને આંદોલન કરવા પડે, તે દેશની આર્થિક કે સામાજિક સ્થિતિ સારી કેવી રીતે કહી શકાય?

ખેડૂત આંદોલન: પોતાના પાકના પોષણક્ષમ ભાવ અને ખાતર-બિયારણ માટે અન્નદાતા રસ્તા પર ટાઢ-તડકો વેઠી રહ્યો છે.

શિક્ષક અને વિદ્યા સહાયક આંદોલન: જેમના હાથમાં દેશનું ભવિષ્ય ઘડવાની જવાબદારી છે, તે શિક્ષકો અને વિદ્યા સહાયકોને પોતાના ગ્રેડ-પે અને કાયમી નોકરી માટે આંદોલનના માર્ગે જવું પડે છે.

યુવા અને વિદ્યાર્થી આંદોલન: રાત-દિવસ એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા કરોડો યુવાનોના સ્વપ્નાઓ પર 'પેપર લીક કાંડ' ફેરવી દેવાય છે.

સરકારી કર્મચારીઓ અને ઓટો રિક્ષા ચાલકો: જૂની પેન્શન યોજના હોય કે વધી રહેલા બળતણના ભાવ, નાનામાં નાનો મધ્યમ વર્ગ આજે પીડાઈ રહ્યો છે.

નિવૃત્ત જવાન આંદોલન: દેશની સરહદો સાચવનારા સરહદના શૂરવીરોને પણ પોતાના ન્યાય માટે મોરચો ખોલવો પડે તે શરમજનક બાબત છે.

આ બધું જોઈને જનતાના મનમાં હવે એક જ પ્રશ્ન ઘોળાઈ રહ્યો છે: શું આ સરકારને ચૂંટીને લાવવી એ જ પ્રજાની સૌથી મોટી ભૂલ હતી?

રોડ પર ખાડા, તૂટતા બ્રિજ અને નેતાઓની મોજ: જનતાના પૈસાનો ધુમાડો!

રાજ્યમાં વિકાસના નામે માત્ર પોકળ દાવાઓનો પટારો ખોલવામાં આવે છે.

1. નબળું બાંધકામ અને ભ્રષ્ટાચાર: કરોડો રૂપિયાના ખર્ચે બનતા બ્રિજ લોકાર્પણના ગણતરીના મહિનાઓમાં જ તૂટી પડે છે અથવા તેમાં તિરાડો પડી જાય છે. રોડ-રસ્તા પરના ખાડાઓ તંત્રના ભ્રષ્ટાચારની ચાડી ખાય છે.

2. પ્રજા પર દેવાનો બોજ: એક તરફ પ્રજા પર કરોડો રૂપિયાનું દેવું લાદવામાં આવી રહ્યું છે અને મોંઘવારી ચરમસીમાએ છે, તો બીજી તરફ ભાજપના નેતાઓ શાનદાર ગાડીઓ અને મોજ-શોખમાં મસ્ત છે.


3. બેરોજગારીની કડવી વાસ્તવિકતા: નોકરીની આશામાં બેઠેલા યુવાનો હતાશામાં ધકેલાઈ રહ્યા છે અને સરકાર માત્ર આંકડાકીય માયાજાળ રચીને સત્ય છુપાવવાનો પ્રયાસ કરી રહી છે.

વિધાનસભા ચૂંટણીમાં સણસણતો જવાબ: શું હવે સરકાર બદલવાનો સમય આવી ગયો છે?

રાજકારણમાં કોઈ પણ અમર હોતા નથી. પ્રજા જો સત્તા પર બેસાડી શકે છે, તો એ જ પ્રજા સત્તા પરથી નીચે ઉતારવાની તાકાત પણ ધરાવે છે. ભાજપના નેતાઓને ગ્રાઉન્ડ રિપોર્ટની ખબર નથી કે પછી તેઓ અહંકારમાં અંધ બની ગયા છે?

જો દર વખતે પ્રજાએ પોતાના હક માટે લાઠીઓ ખાવી પડતી હોય અને આંદોલનો જ કરવા પડતા હોય, તો 'દર વખતે સરકાર બદલવી જોઈએ' એ વિચાર હવે માત્ર વિચાર નથી રહ્યો પણ જનતાની જરૂરિયાત બનતો જાય છે. જો સરકાર હજી પણ પોતાની કુંભકર્ણી નિંદ્રામાંથી નહીં જાગે, તો આવનારી વિધાનસભા ચૂંટણીમાં કરોડો યુવાનો અને પીડિત જનતા ભેગા મળીને ભાજપ સરકાર સામે આકરો હિસાબ ચૂકવશે.

# માચીસની શોધ કેવી રીતે થઈ?




આજે રસોડામાં ગેસ સળગાવવાથી લઈને દીવો પ્રગટાવવા સુધી માચીસનો ઉપયોગ એટલો સામાન્ય છે કે તેની પાછળની રસપ્રદ શોધકથા ભાગ્યે જ કોઈ વિચારે છે. પરંતુ લગભગ બે સદી પહેલાં આગ સળગાવવી સહેલું કામ નહોતું. લોકો ચકમક પથ્થર, લોખંડ અને સૂકા ઘાસ-લાકડાંની મદદથી તણખો પેદા કરતા અને પછી તેમાંથી આગ પ્રગટાવતા. 1805ની આસપાસ ફ્રાન્સના રસાયણશાસ્ત્રી જિન શાન્સેલે રસાયણોની મદદથી આગ પ્રગટાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં સલ્ફ્યુરિક એસિડની જરૂર પડતી હોવાથી તે જોખમી અને અસુવિધાજનક હતું. ત્યારબાદ રસાયણશાસ્ત્રીઓએ એવી રીત શોધવાની દિશામાં પ્રયોગો શરૂ કર્યા જેમાં માત્ર ઘર્ષણથી જ આગ પેદા થઈ શકે. આ શોધને વ્યવહારુ સ્વરૂપ આપનાર તરીકે અંગ્રેજ રસાયણશાસ્ત્રી અને દવાવિક્રેતા જોન વોકરનું નામ સૌથી વધુ પ્રખ્યાત છે. 1826ની આસપાસ તેમના પ્રયોગ દરમિયાન રસાયણનું મિશ્રણ લાકડીના છેડે ચોંટાડવામાં આવ્યું હતું. લાકડીને ખરબચડી સપાટી પર ઘસતાં અચાનક જ્યોત પ્રગટી–અને આ ઘટનાએ 'ફ્રિક્શન મેચ' એટલે કે ઘર્ષણથી સળગતી માચીસનો માર્ગ ખોલ્યો. 1827માં વોકરે પોતાની દુકાનમાંથી આ માચીસ વેચવાનું શરૂ કર્યું. તેમણે પોતાની શોધનું પેટન્ટ કરાવ્યું નહોતું, તેથી અન્ય ઉત્પાદકોએ તેમાં સુધારા કરીને તેનું ઉત્પાદન ઝડપથી વધાર્યું. શરૂઆતની માચીસને 'લ્યુસિફર' જેવા નામથી પણ ઓળખવામાં આવતી. જોકે તેમાં તીવ્ર ગંધ, ધુમાડો અને અચાનક સળગી જવાની સમસ્યા હતી, છતાં ચકમક પથ્થર કરતાં માત્ર એક ઘસકાથી આગ મેળવવાની સુવિધાએ તેને સામાન્ય લોકોમાં લોકપ્રિય બનાવી દીધી.

માચીસના વિકાસમાં આગળનું મોટું પગલું ફોસ્ફરસના ઉપયોગથી આવ્યું. સફેદ ફોસ્ફરસથી બનેલી માચીસ સરળતાથી સળગતી હતી, પરંતુ તે અત્યંત ઝેરી હોવાથી તેના કારખાનામાં કામ કરતા મજૂરો ગંભીર બીમારીઓનો ભોગ બનતા. ખાસ કરીને 'ફોસ્ફરસ જૉ' તરીકે ઓળખાતી બીમારીને કારણે કામદારોના જડબાના હાડકાને ભારે નુકસાન થતું. આ જોખમને કારણે વધુ સુરક્ષિત માચીસ બનાવવાના પ્રયાસો થયા. 1850ના દાયકામાં સ્વીડનમાં જોહાન એડવર્ડ લુંડસ્ટ્રોમે લાલ ફોસ્ફરસ આધારિત 'સેફ્ટી મેચ'ના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી. તેમાં માચીસના છેડામાં રહેલા સળગવાના રસાયણો અને ડબ્બાની ખાસ ઘસવાની પટ્ટીને અલગ રાખવામાં આવ્યા, જેથી માચીસ કોઈ પણ સપાટી પર સરળતાથી સળગી ન જાય અને અકસ્માતનું જોખમ ઘટે. માચીસની આ નાનકડી લાકડીએ માનવજીવનમાં ખરેખર મોટી ક્રાંતિ કરી.



# મની લૉન્ડરિંગનો મહાખેલ કે રાજકીય કૌભાંડ? ગુજરાતમાં કાગળ પર ચાલતી 6 અજાણી પાર્ટીઓ પર 1700 કરોડનો ધનવર્ષા!

## ચૂંટણી પંચની શંકાસ્પદ ચુપકીદી: આટલી મોટી રકમ કાગળ પરની પાર્ટીઓમાં જમા થાય છતાં 'ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયા' (ECI) દ્વારા કોઇ તપાસ કે સવાલ કેમ ન પૂછાયા?



અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં એક એવા મોટો ધડાકા સાથે વિવાદ સર્જાયો છે, જેણે ચૂંટણી પંચથી લઈને સત્તાના ગલિયારા સુધી ખળભળાટ મચાવી દીધો છે. જે રાજકીય પક્ષોના નામ સામાન્ય જનતાએ ક્યારેય સાંભળ્યા નથી, જેમના નેતાઓના સરનામાં પણ કાગળ પર છે અને જેમનું કોઈ જમીની અસ્તિત્વ નથી, તેવી ગુજરાતમાં રજિસ્ટર્ડ થયેલી માંડ ૬ નાની પાર્ટીઓના ખાતામાં ૧૭૦૦ કરોડથી વધુનું અધધ દાન (ડોનેશન) જમા થતાં રાજકીય બબાલ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) એ આ સમગ્ર મામલે શાસક પક્ષ ભાજપ સામે આકરા પ્રહારો કરી દેશની સર્વોચ્ચ તપાસ એજન્સી CBI અને ED પાસે નિષ્પક્ષ તપાસની કડક માંગ કરી છે.

રાજકીય વર્તુળોમાં અત્યારે સૌથી મોટો સવાલ એ જ પૂછાઈ રહ્યો છે કે જે પાર્ટીઓ પાસે ચૂંટણી લડવા માટે યોગ્ય ઉમેદવારો નથી, જેમનું કોઈ કાર્યાલય સરખી રીતે ચાલતું નથી અને જેમના નામે ૫૦૦ મત પણ પડતા નથી, તેમના પર અચાનક આટલી મોટી ધનવર્ષા કોણે અને શા માટે કરી? વિપક્ષના નેતાઓએ ચોંકાવનારો આક્ષેપ કર્યો છે કે આ પાર્ટીઓ બીજુ કંઈ નથી પણ માત્ર 'શેલ કંપનીઓ' (Shell Parties) ની જેમ કામ કરી રહી છે. કાળા નાણાંને ધોળા કરવાનો, એટલે કે મની લૉન્ડરિંગનો આ એક સુઆયોજિત રસ્તો છે.

આ મામલે વિપક્ષી દળોએ સંયુક્ત રીતે શાસક પક્ષ અને ચૂંટણી પંચ સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા છે.

વિપક્ષી નેતાઓનો સીધો આરોપ છે કે, 'ભાજપ સાથે જોડાયેલા મોટા ઉદ્યોગપતિઓ અને ભ્રષ્ટ અધિકારીઓ પોતાના કાળા નાણાંને ટેક્સમાંથી બચાવવા અને તેને વ્હાઈટ કરવા માટે આ નાની પાર્ટીઓનો ઉપયોગ કરી રહ્યા છે. શું આ પાર્ટીઓ ભાજપની પડદા પાછળની 'બી-ટીમ' કે મની લૉન્ડરિંગનું સેન્ટર છે?'

ભારતીય ટેક્સ કાયદા હેઠળ રાજકીય પક્ષોને આપેલા દાન પર ૧૦૦% ટેક્સ છૂટ મળે છે. આરોપ છે કે મોટા કોર્પોરેટ ગૃહો આ કાયદાકીય છટકબારીનો દુરુપયોગ કરીને કાળું નાણું આ પાર્ટીઓમાં ટ્રાન્સફર કરે છે અને બાદમાં રોકડમાં પાછું મેળવી લે છે.

આટલી મોટી રકમ કાગળ પરની પાર્ટીઓમાં જમા થાય છતાં 'ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા' (ECI) દ્વારા કોઈ તપાસ કે સવાલ કેમ ન પૂછાયા? શું ચૂંટણી પંચ પણ સત્તાધીશોના દબાણ હેઠળ કામ કરી રહ્યું છે? આ વિવાદ હવે માત્ર રાજકીય નિવેદનબાજી પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ તેને દેશના સૌથી મોટા ફાઈનાન્શિયલ સ્કેમ તરીકે જોવામાં આવી રહ્યો છે. વિપક્ષે માંગ કરી છે કે:

ડોનર્સના નામ જાહેર કરો: ૧૭૦૦ કરોડનું દાન આપનાર કોર્પોરેટ કંપનીઓ અને વ્યક્તિઓના નામ તાત્કાલિક સાર્વજનિક કરવામાં આવે.

ફોરેન્સિક ઓડિટ: આ ૬ પાર્ટીઓના બેંક એકાઉન્ટ્સનું ફોરેન્સિક ઓડિટ કરવામાં આવે જેથી ખબર પડે કે પૈસા ક્યાંથી આવ્યા અને ક્યાં ટ્રાન્સફર થયા.

### અનેક ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

# અંકલેશ્વરમાં 'ત્રિચી ગેંગ'નો પર્દાફાશ : 3 સાગરીતો ઝડપાયા

અંકલેશ્વર

બેન્કમાંથી રૂપિયા ઉપાડી વાહનની ડેકીમાં મુકેલી રોકડ અને અગત્યના દસ્તાવેજોની ચોરીના કેસમાં અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે આંતરરાજ્ય 'ત્રિચી ગેંગ'ના ત્રણ સાગરીતોને ઝડપી પાડ્યા છે. પોલીસે 31 ઓગસ્ટના રોજ સર્કલ ત્રણ રસ્તા પાસેની બેન્ક ઓફ બરોડામાંથી ઉપાડેલા રૂ.1 લાખ તથા દસ્તાવેજો ભરેલી થેલીની ચોરીનો ભેદ ઉકેલી રૂ.1,25,020નો મુદ્દામાલ કબજે કર્યો છે. ફરિયાદીએ બેન્કમાંથી રૂ.1 લાખ ઉપાડી રોકડ સાથે આધાર કાર્ડ, પાનકાર્ડ, ATM



કાર્ડ, ચૂંટણી કાર્ડ, સિનિયર સિટિઝન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, RC બુક, બેન્ક પાસબુક, FDની ચોપડી અને ચેકબુક સહિતના દસ્તાવેજો થેલીમાં રાખ્યા હતા. ત્યારબાદ થેલી એક્ટિવાની ડેકીમાં મૂકી ચૌટા બજારમાં મહેશ મીઠાઈવાળાની દુકાન સામે વાહન પાર્ક કરી મીઠાઈ લેવા ગયા હતા. આ દરમિયાન અજાણ્યા શખ્સે એક્ટિવાની ડેકી ખોલી રોકડ અને દસ્તાવેજો ભરેલી થેલી ચોરી લીધી હતી. ચોરીનો ગુનો નોંધાયા બાદ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્ટાફે બેન્ક ઓફ બરોડાથી મહેશ મીઠાઈવાળાની દુકાન સુધીના આશરે 100 CCTV કેમેરા ચેક કર્યા હતા. ત્યારબાદ અંકલેશ્વર અને સુરત શહેરના વિવિધ વિસ્તારોના આશરે 300 CCTV ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને પલસાણા વિસ્તારમાં ઈટારવા નજીક શંકાસ્પદ શખ્સો મળતાં તેમને પલસાણા પોલીસ સ્ટેશન લઈ જઈ સઘન પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછમાં ગુનાની કડી મળતાં ત્રણેયને અંકલેશ્વર લાવી મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, 'ત્રિચી ગેંગ' વાહનની બારી તોડી અંદર રહેલી કિંમતી વસ્તુઓ ચોરવા ઉપરાંત 'ઠક-ઠક' પદ્ધતિનો ઉપયોગ કરતી હોવાનું સામે આવ્યું છે. વાહનની વિન્ડશિલ્ડ પાસે 'તમારા પૈસા નીચે પડી ગયા છે', 'ઓઈલ લીક થાય છે' જેવી વાતો કરી ચાલકનું ધ્યાન ભટકાવી ચોરી કરાતી હોવાની માહિતી મળી છે.

# જુગારિયાઓએ ઝાડીઓમાં અડ્ડો જમાવ્યો, ઉમલ્લા પોલીસે 1.21 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ભરૂચ

ઝઘડિયા તાલુકાના અશા ગામ નજીક ગૌચરની જમીનમાં બાવળના ઝાડ નીચે ઝાડી-ઝાંખરની આડમાં ચાલતા જુગાર પર ઉમલ્લા પોલીસે આયોજનબદ્ધ દરોડો પાડી 14 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસની કાર્યવાહીમાં રોકડ, મોબાઈલ, એક્ટિવા સહિત કુલ રૂ.1.21 લાખથી વધુનો મુદ્દામાલ કબજે થયો હતો. જ્યારે પોલીસને જોઈને નાસી ગયેલા અન્ય 6 શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. મળેલી બાતમીના આધારે ઉમલ્લા પોલીસની ટીમે અશા ગામ નજીક ગૌચરની ખુલ્લી જમીનમાં વોચ ગોઠવી હતી. બાવળના ઝાડ નીચે ઝાડી-ઝાંખરની આડમાં કેટલાક ઈસમો ગોળ કુંડાળું વાળી મોબાઈલ અને બેટરીના અજવાળે પત્તા વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમતા હોવાની માહિતી મળતાં પોલીસે આયોજનબદ્ધ રીતે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન રમેશભાઈ ગોકુળભાઈ વસાવા, વિશાલભાઈ રાજુભાઈ વસાવા, કાલુભાઈ શીવાભાઈ વસાવા, કોયજીભાઈ ચુનીલાલભાઈ વસાવા, અજયભાઈ મોહનભાઈ વસાવા, વિજયભાઈ બુધાભાઈ વસાવા, જગદિશભાઈ ડાહ્યાભાઈ માછી, ગોવિંદભાઈ ખોળાભાઈ વસાવા, કલ્પેશકુમાર રાજેશભાઈ વસાવા, દિક્ષિતભાઈ દિલીપભાઈ વસાવા, સુખદેવભાઈ ગોરધનભાઈ વસાવા, જિજ્ઞેશભાઈ રમેશભાઈ વસાવા, બુધીયાભાઈ ખોડીયાભાઈ વસાવા અને ભરતભાઈ બચુભાઈ વસાવા મળી કુલ 14 શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ.18,500 રોકડા, રૂ.73,000ની કિંમતના 10 મોબાઈલ ફોન, બે બેટરી અને રૂ.30,000ની કિંમતનું એક્ટિવા સ્કૂટર સહિત કુલ રૂ.1,21,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જુગાર રમવાના સાધનો પણ પોલીસે જપ્ત કર્યા હતા. દરોડા દરમિયાન પોલીસની કાર્યવાહીથી છ શખ્સો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. પકડાયેલા આરોપીઓની પૂછપરછના આધારે દિનેશભાઈ ઉર્ફે દિલકો મંગળભાઈ વસાવા, મુન્નો જેન્તીભાઈ વસાવા, સુર્યો ઈશ્વરભાઈ વસાવા, કનુભાઈ ચંપકભાઈ વસાવા, જીગો ચંદુભાઈ વસાવા અને રાહુલભાઈ વસાવા સહિત છને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા કરજણ વિધાનસભામાં આવતા તમામ ગામોમાં 12 કલાક વીજ પુરવઠો આપવાની મુખ્યમંત્રીને રજૂઆત કરી

સાધલી, હસમુખ પટેલ

વડાપ્રધાન વડોદરા આવવાના હોવાથી સરકારી તંત્ર તથા ધારાસભ્યો સપ્તાહના વિવિધ કાર્યક્રમો માટે ગામે ગામ ફરી રહ્યા છે. અને સરકારી યોજનાના લાભો છેવાળાના માનવી સુધી પહોંચાડવા પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા કરજણ ,શિનોર અને પોરના ગામોમાં લોક સંપર્ક જારી રાખેલ છે.ત્યારે આ વિસ્તારના ખેડૂતો દ્વારા તેઓને રજૂઆત કરવામાં આવેલ છે કે અપૂરતા વરસાદના કારણે ઉભા પાકોને પાણી મળતું નથી અને પાકો નિષ્ફળ જવાની અને ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવે તેમ છે. જેથી વિદ્યુત પુરવઠો 12 કલાક કરવા ખેડૂતોએ રજૂઆત કરેલ છે. સાચી રજૂઆત ધ્યાને લઈ ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા આજરોજ તારીખ 7 સપ્ટેમ્બર ગાંધીનગર મુકામે લેખિતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલને કરજણ, શિનોર અને પોર વિસ્તારના તમામ ગામોમાં ખેતી માટે થ્રી ફેઝ વીજ પુરવઠો 8 કલાકથી વધારીને 12 કલાક સુધી કરવા માટે રજૂઆત કરેલ છે. અને ખેડૂતોના હિતમાં ખેતી પાકો બચાવવા માટે વિદ્યુત પુરવઠો 8 કલાકથી વધારીને 12 કલાક સુધી કરવા એમજીવીસીએલને સૂચના આપવાની માંગ કરેલ છે. અને આ રજૂઆતની નકલો જિલ્લા કલેકટર વડોદરા અને અધિક્ષક ઈજનેર એમજીવીસીએલ વડોદરા ને પણ કરવામાં આવેલ છે.

# બોડેલી APMCના હાટ બજારમાં મહિલાઓ પાસેથી ₹50 ફી વસૂલાત

## મહિલા સશક્તિકરણ અને સ્વદેશીના નારા વચ્ચે નાના વેપારીઓ પાસેથી વસૂલાત સામે સવાલો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે દર રવિવારે એપીએમસીમાં હાટ બજાર ભરાય છે. આ હાટ બજારમાં આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ સહિત નાના વેપારીઓ પોતાના હાથ બનાવટના સામાનનું વેચાણ કરવા આવે છે. ખાસ કરીને કેટલીક મહિલાઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે આખું અઠવાડિયું ઘરે મહેનત કરીને વાંસમાંથી સુપડા, ટોપલી સહિતની વિવિધ ચીજવસ્તુઓ તૈયાર કરે છે અને રવિવારે બોડેલીના હાટ બજારમાં તેનું વેચાણ કરે છે. જોકે, આ રીતે મહેનત કરીને રોજગારી મેળવવા આવતી મહિલાઓ પાસેથી પણ એપીએમસી દ્વારા 50ની ફી વસૂલવામાં આવતી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. એક તરફ સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ અને નાના કારીગરોને પ્રોત્સાહન આપવાની વાત કરવામાં આવે છે. બીજી તરફ સરકાર દ્વારા લોકોને સ્વદેશી વસ્તુઓ ખરીદવા અને તેનો ઉપયોગ કરવા માટે પણ સતત અપીલ કરવામાં આવે છે. ત્યારે સવાલ એ છે કે દેશી અને હાથ બનાવટની વસ્તુઓનું વેચાણ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતી મહિલાઓ પાસેથી જ ફી વસૂલવાની જરૂર શું છે? આ મહિલાઓ કોઈ મોટા વેપારી નથી. તેઓ પોતાના પરિવારના સભ્યો સાથે મળીને દિવસો સુધી મહેનત કરીને વાંસમાંથી ચીજવસ્તુઓ બનાવે છે અને હાટ બજારમાં વેચીને થોડી આવક મેળવે છે. આવા નાના વેપારીઓ પાસેથી પણ ફી વસૂલાત થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. માત્ર હાથ બનાવટની વસ્તુઓ વેચતી મહિલાઓ જ નહીં, પરંતુ દર રવિવારે શાકભાજી સહિતની વસ્તુઓ વેચવા આવતા નાના ફેરિયાઓ પાસેથી પણ 50 ફી વસૂલવામાં આવતી હોવાના આક્ષેપો છે. સ્થાનિક લોકોનો સવાલ છે કે એપીએમસી ખેડૂતો અને નાના વેપારીઓના હિત માટેની સંસ્થા છે કે પછી નાના ધંધાર્થીઓ પાસેથી પણ ફી વસૂલ કરીને આવક વધારવાનું કેન્દ્ર બની રહી છે? સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે બોડેલી તાલુકામાં સીસીઆઈ દ્વારા કપાસની ખરીદીમાંથી એપીએમસીને દર વર્ષે એક કરોડ રૂપિયાથી વધુની આવક થતી હોવાની ચર્ચા છે.

જો આ આવકમાંથી એપીએમસી પાસે પૂરતા નાણાં ઉપલબ્ધ હોય તો માત્ર પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા હાટ બજારમાં આવતી ગરીબ અને મધ્યમવર્ગીય મહિલાઓ તથા નાના ફેરિયાઓ પાસેથી 50 વસૂલવાની જરૂરિયાત સામે પણ સવાલો ઊભા થયા છે.

# પત્નીના ચારિત્ર્ય પર શંકા, નશામાં મારઝૂડ; 181 પહોંચતાં પતિએ હાથ જોડીને માફી માંગી

ભરૂચ

ભરૂચમાં નશાની હાલતમાં પત્ની સાથે ઝઘડો-મારઝૂડ અને ચારિત્ર્ય અંગે શંકા કરી માનસિક ત્રાસ આપતા પતિથી કંટાળેલી મહિલાએ 181 અભયમની મદદ લીધી હતી. પતિની શંકા અને હિંસક વર્તનથી મહિલા તેમજ તેના બે નાના બાળકો પણ સતત તણાવમાં રહેતા હતા. ફરિયાદ મળતાં 181ની ટીમે મહિલાની વાત સાંભળી તેની સલામતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ પતિનું કાઉન્સેલિંગ કરી નશાની આદત, પત્ની પર શંકા, અપમાન અને મારઝૂડથી પરિવાર પર થતી ગંભીર અસર સમજાવવામાં આવી હતી. પત્ની સાથેની મારઝૂડ, માનસિક ત્રાસ, અપમાન કે ધમકી ઘરેલું હિંસાના સ્વરૂપમાં આવી શકે છે અને મહિલાને કાયદાકીય રક્ષણ તથા સહાય મળી શકે છે તે અંગે પણ સમજ આપવામાં આવી હતી. 181ની ટીમની કડક સમજાવટ અને




કાયદાકીય માર્ગદર્શનની અસર થતાં પતિએ પોતાની ભૂલ સ્વીકારી પત્ની પાસે હાથ જોડીને માફી માંગી હતી. હવે પછી નશો નહીં કરવા, પત્ની પર શંકા નહીં કરવા અને કોઈપણ પ્રકારની મારઝૂડ નહીં કરવાની ખાતરી આપી લેખિત બાંહેધરી પણ આપી હતી.

### મગફળી, કપાસ અને સોયાબીનના પાકને નુકસાનની ભીતિ

# જેતપુરના ખીરસરા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખેંચાતા ખેડૂતો પર સંકટના વાદળો

જેતપુર

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખીરસરા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. શરૂઆતના વરસાદ બાદ ખેડૂતોએ મગફળી, કપાસ, સોયાબીન સહિતના વિવિધ પાકોનું વાવેતર કર્યું હતું, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લેતા પાકને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહ્યું નથી. જેના કારણે ખેતરોમાં ઊભેલા પાકો મુરઝાવા લાગ્યા છે અને ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની ભીતિ સતાવી રહી છે.



ખાસ કરીને મગફળી અને સોયાબીનના પાકને આ સમયે પાણીની ખાસ જરૂરિયાત હોવાથી વરસાદ ખેંચાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી તરફ કૂવા અને બોરના પાણીના સ્તરમાં પણ ઘટાડો થતાં સિંચાઈ માટેના પાણીની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ઘણા ખેડૂતો હવે પાક બચાવવા માટે આકાશ તરફ મીટ માંડીને સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે જો આગામી દિવસોમાં વરસાદ નહીં પડે તો ઉભા પાકને મોટું નુકસાન થવાની શક્યતા છે. સાથે સાથે પશુપાલકો માટે પણ ઘાસચારાની સમસ્યા ઊભી થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતો દ્વારા સરકાર સમક્ષ ભાદર-1 ડેમમાં સૌની યોજના મારફતે તાત્કાલિક પાણી આપવામાં આવે અને કેનાલ મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી છોડવામાં આવે તેવી માગ ઉઠી છે. ડેમમાંથી કેનાલ મારફતે પાણી છોડવામાં આવે તો ખેડૂતોના ઉભા પાકને બચાવવા તેમજ પશુપાલકોને ઘાસચારા માટે પણ રાહત મળી શકે તેમ છે.

વરસાદ ખેંચાતા ખીરસરા સહિત આસપાસના અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરવામાં આવે અને રાહત આપવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠી છે. હવે સરકાર ખેડૂતોની આ મુશ્કેલીને ગંભીરતાથી લઈ વહેલી તકે યોગ્ય પગલાં ભરે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે.

# આમોદ નગરપાલિકા પ્રમુખના વોર્ડમાં જ રસ્તા-સફાઈના પ્રશ્ને સ્થાનિકોનો રોષ

ભરૂચ, રંગુની જાકીર

આમોદ નગરપાલિકા પ્રમુખ મહેન્દ્ર દેસાઈના વોર્ડ વિસ્તારમાં રસ્તા, ખાડા અને સફાઈ સહિતના પ્રશ્નોને લઈને સ્થાનિકોમાં નારાજગી જોવા મળી હતી. સમસ્યાઓના નિરાકરણની માંગ સાથે સ્થાનિકોએ નગરપાલિકા કચેરી ખાતે પહોંચીને સૂત્રોચ્ચાર કર્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા મુજબ વિસ્તારમાં રસ્તાઓ પર ખાડા, ગંદકી અને સફાઈના પ્રશ્નો લાંબા સમયથી યથાવત છે. આ અંગે નગરપાલિકા તંત્ર સમક્ષ મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવા છતાં પૂરતી કામગીરી ન થતી હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો હતો.

આ દરમિયાન નગરપાલિકા કચેરી ખાતે *'નગરપાલિકા હાય હાય', 'પ્રમુખ હાય હાય' અને 'કર્મચારી હાય હાય'*ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. સ્થાનિકોએ માત્ર તાત્કાલિક સફાઈ નહીં પરંતુ રસ્તા અને ખાડાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી હતી.

મામલે વિપક્ષ તરફથી પણ નગરપાલિકા પ્રમુખ સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વિપક્ષના જણાવ્યા મુજબ, પ્રજાના મૂળભૂત પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવું જરૂરી છે. દરમિયાન, નગરપાલિકાના ચીફ ઓફિસરને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે ગણપતિ મહોત્સવને ધ્યાનમાં રાખીને ગણપતિ આગમનના તમામ રૂટ પરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

### ચાણોદ ખાતે કોટફળીયા ની આંગણવાડી જવાના માર્ગ પર

# કાદવ કિચડ નું સામ્રાજ્ય રસ્તો પસાર કરવા ભૂલકાઓને મુશ્કેલ

ચાણોદ, મુકેશ ખત્રી

ચાણોદ -દરીયાપુરા માર્ગ હાલ નવો સી.સી રોડ બન્યા છે રોડ એક ફૂટ જેટલો ઉંચો હોય રોડ ના સાથે જોડાયેલા અન્ય રોડ નીચાં હોય જે થી સમસ્યા વધૂ નીકટ બની છે. ડભોઇ તાલુકાના તીર્થધામ ચાણોદ ખાતે ચાણોદ થી નંદેરીયા માર્ગ પર કોટ ફળિયા ખાતે આંગણવાડી આવેલ છે જ્યાં મુખ્ય માર્ગ પર કાદવ કિચડ ગંદકીનુ સામ્રાજ્યે અજગર ભરડો લઈ આખો રસ્તો ઘેરી વળય છે ગટરોના પાણી રસ્તા પર સતત ઉભરાતા રહેતા ગંદકી માઝા મૂકી છે છેલ્લા એક માસથી વરસાદ ચાણોદમાં વરસ્યો નથી તેમ છતાં ગંદકીનો સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે અહીં નાના ભૂલકા આંગણવાડીમાં જતાં આવતાં હોય તો તેમને રસ્તા પર ગંદકી વચ્ચે પસાર થવું મુશ્કેલ બન્યું છે લપસી પડવાના બનાવો બનવા પામે છે તેમજ નાના ભૂલકા ગંદકીમાંથી પસાર થતા હોય



ત્યારે તેમના આરોગ્ય સામે પણ પ્રશ્નાર્થ સર્જાય છે આંગણવાડી ની નજીક જ આમ ગંદકી હોવાથી પાણીના ખાબોચિયા ભરાઈ રહેતા હોવાથી મચ્છરોનો ઉપદ્રવ થતા મેલેરિયા ડેન્ગ્યુ જેવા રોગો ની સંભાવના વધી જતી હોય છે આ બાબતે તારીખ 31 ના રોજ ચાણોદની ગ્રામસભામાં આંગણવાડી બહેન દ્વારા સરપંચ તેમાં તલાટીને આ વખતે પાણીના ખાબોચિયા ભરાઈ રહેતા હોય તેમજ ઝાળી ઝાંખ દૂર કરાવવા સફાઈ કરાવવા રજૂઆત કરાઈ હતી આ સમયે આરોગ્ય કર્મચારી પણ ઉપસ્થિત હતા આ વચ્ચે રજૂઆત કરાઈ હોવા છતાં આજ સુધી અને આ વિસ્તારમાં કે ચાણોદ ખાતે જંતુનાશક દવા નો છંટકાવ કરાવ્યો નથી રસ્તા ઉપર ગટરના પાણી વહેતા હોય જે બંધ કરાવવા પણ ગ્રામસભામાં રજૂઆત કરાઈ હતી તેમ છતાં બસ સ્ટેન્ડ વિસ્તાર તરફથી કોટડીયા તરફ જાહેર માર્ગ પર ગટરના પાણી વહેતા હોય ગાયોના મળમૂત્ર થી ગંદકીની સમસ્યા વધુ વિકરાળ બનતી હોય ત્યારે જાહેરમાં નીકળતા ગટરના પાણી બંધ કરાવવા જરૂરી છે તેમ જ જંતુનાશક દવાઓનો છંટકાવ જરૂરી છે ગ્રામસભામાં થતી રજૂઆતો પંચાયત દ્વારા ધ્યાન પર ન લેવાતી હોય તેવી ગ્રામજનોમાં ચર્ચાઓ ઓળખતો વખત જોવા મળે છે જેથી ગ્રામસભામાં પૂરતી હાજરી પણ હોતી નથી.



## બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહીને 'ટોય પ્લેન' કહેવું મોંઘું પડ્યું

# નોરા ફતેહીને ચાર્ટર્ડ પ્લેનને 'રમકડું' કહેવું ભારે પડ્યું, ગાંધીનગર કોર્ટમાં ₹3 કરોડનો માનહાનિનો દાવો

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહીને 'ટોય પ્લેન' કહેવું મોંઘું પડ્યું છે. ગાંધીનગરની 'ડ્યુન્સ એવિયેશન' કંપનીએ નોરા સામે 3 કરોડનો માનહાનિનો દાવો કર્યો છે. નોરાએ મુંબઈથી જયપુરની યાત્રા દરમિયાન ચાર્ટર્ડ પ્લેનને 'રમકડું' ગણાવતો વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોથી કંપનીના બુકિંગમાં ઘટાડો થતા કોર્ટે નોરાને નોટિસ ફટકારી છે. આગામી સુનાવણી 25 સપ્ટેમ્બરે છે. બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહી માટે એક બિઝનેસ જેટને 'રમકડાનું પ્લેન' (Toy plane) અને 'લેગો પ્લેન' (Lego plane) કહેવું ભારે પડી ગયું છે. ગાંધીનગરની એક પ્રાઈવેટ એવિયેશન કંપનીએ અભિનેત્રી નોરા ફતેહી સામે કાનૂની કાર્યવાહી કરતાં ગાંધીનગર સિવિલ કોર્ટમાં રૂ. 3 કરોડનો માનહાનિનો દાવો ઠોકી દીધો છે. માહિતી મુજબ, 14 ડિસેમ્બર 2025ના રોજ નોરા ફતેહી અને તેની ટીમે 'ડ્યુન્સ એવિએશન' (Dunes Aviation) ના 'Cessna Citation CJ2' (કોલ સાઈન VT-NDA) નામના ચાર્ટર્ડ પ્લેનમાં મુંબઈથી જયપુર સુધીનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન નોરા ફતેહીએ કેટલાક વીડિયો પણ શૂટ કર્યા હતા અને પોતાના વેરિફાઈડ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સ્ટોરી તરીકે પોસ્ટ કર્યા હતા. કંપનીએ આરોપ લગાવ્યો છે કે નોરા ફતેહીએ વિમાનની સુરક્ષા અને ગુણવત્તા પર સવાલો ઉઠાવતા અપમાનજનક નિવેદનો આપ્યા હતા. એક વીડિયોમાં તેણે એવું પણ કહ્યું હતું કે, 'આ તો એક રમકડું છે; જ્યારે તમે એમેઝોન પરથી પ્લેન ઓર્ડર કરો છો ત્યારે આવું જ મળે છે'.

કંપનીના જણાવ્યા મુજબ નોરાએ કોઈપણ ટેકનિકલ જ્ઞાન વગર એવિયેશન સેફ્ટી પર બેજવાબદાર નિવેદનો આપ્યા છે. આ વિમાન ઉદ્યોગના ધોરણો મુજબનું 'બિઝનેસ જેટ' છે અને મુંબઈથી જયપુર સુધીની સફર તેણે પૂર્ણ સુરક્ષા સાથે પૂર્ણ કરી હતી, જે નોરાના દાવાઓને ખોટા સાબિત કરે છે. નોરાના ઈન્સ્ટાગ્રામ પર 4.66 કરોડથી વધુ ફોલોઅર્સ છે. તેના આ વીડિયો વાઈરલ થયા બાદ 45 થી 50 દિવસની અંદર કંપનીના ફ્લાઈટ બુકિંગમાં 15 થી 20 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને મોટા પાયે બુકિંગ કેન્સલ થયા હતા, જેનાથી કંપનીની બિઝનેસ અને પ્રતિષ્ઠાને મોટું નુકસાન થયું હતું.

**આ વીડિયોથી કંપનીના બુકિંગમાં ઘટાડો થતા કોર્ટે નોરાને નોટિસ ફટકારી છે**

# હાર્દિક સાથે ડેટિંગની અફવા પર ભડકી અમીષા પટેલ

### અમીષાએ કટાક્ષમાં જવાબ આપ્યો કે, "તમે કોઈ છોકરીને મિત્ર બનાવવી જોઈએ." હાર્દિક હાલ માહિકા શર્મા સાથે રિલેશનશિપમાં છે

મુંબઇ

અભિનેત્રી અમીષા પટેલે ક્રિકેટર હાર્દિક પંડ્યા સાથેના ડેટિંગની અફવાઓને સખત શબ્દોમાં ફગાવી દીધી છે. મુંબઈની તાજમહેલ પેલેસમાં અમીષાએ હાર્દિકને તેના મિત્રો સાથે ઓળખાણ કરાવતો વીડિયો વાયરલ થયો હતો. એક X યુઝરે આ વીડિયો પર ટિપ્પણી કરતા બંનેના રોમેન્ટિક સંબંધોની અટકળો કરી હતી. અમીષાએ કટાક્ષમાં જવાબ આપ્યો કે, 'તમે કોઈ છોકરીને મિત્ર બનાવવી જોઈએ.' હાર્દિક હાલ માહિકા શર્મા સાથે રિલેશનશિપમાં છે. એક્ટ્રેસ અમીષા પટેલે ક્રિકેટર હાર્દિક પંડ્યા સાથેની પોતાની તાજેતરની મુલાકાતને રોમેન્ટિક રંગ આપનારા એક સોશિયલ મીડિયા યુઝરની ટીકા કરી છે. એક X યુઝરે કહ્યું હતું કે, હાર્દિક સાથે અમીષાનું મૈત્રીપૂર્ણ વર્તન તેમની વચ્ચે ડેટિંગની અફવાઓને સાચી સાબિત કરે છે, જેના જવાબમાં અમીષાએ કટાક્ષ કરતા જડબાતોડ જવાબ આપ્યો છે. તાજેતરમાં અમીષા પટેલ અને હાર્દિક પંડ્યા મુંબઈની તાજમહેલ પેલેસમાં એકસાથે દેખાયા હતા, જ્યાં એક્ટ્રેસ ક્રિકેટરની ઓળખાણ પોતાના કેટલાક મિત્રો સાથે કરાવી રહી હતી. આ મુલાકાતનો એક વીડિયો ઝડપથી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો, જેનાથી યુઝર્સ વચ્ચે જાતજાતની અટકળો શરૂ થઈ ગઈ. આ વીડિયો વાઈરલ થતાં જ એક X યુઝરે તેનો સ્ક્રીનશોટ શેર કરતા લખ્યું, 'બેંગલુરુની એક હોટેલમાં પાર્ટી દરમિયાન અમીષા પટેલે જે રીતે હાર્દિક પંડ્યાના ખભા પર હાથ રાખ્યો, તેનાથી લાગે છે કે Reddit પર ચાલી રહેલી તમામ અફવાઓને સાચી પડી રહી છે.' 'ગદર' ફેમ એક્ટ્રેસે આ અટકળોને તાત્કાલિક ફગાવી દીધી. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર તે પોસ્ટનો સ્ક્રીનશોટ શેર કરતા, તેણે કટાક્ષ કરતા જવાબ આપ્યો કે, 'તે ક્ષણ રોમેન્ટિક હતી.




# અસરાનીની છેલ્લી ફિલ્મ 'હેવાન'ની રિલીઝ પહેલા ભાવુક થયા અક્ષય કુમાર

### ફિલ્મનું નિર્દેશન પ્રિયદર્શનએ કર્યું છે. અસરાનીની વાત કરીએ તો ગયા વર્ષે 84 વર્ષની ઉંમરમાં તેમનું નિધન થયું હતું

મુંબઇ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અમુક કલાકાર એવા છે જેમણે ફક્ત દર્શકોને જ મનોરંજન નથી આપ્યું, તેની સાથે તે તેમના જીવનનો ભાગ પણ બની ગયા હતા. સામાન્ય માણસ સામાન્ય દેખાતા પાત્રો સાથે જોડાવાનું પસંદ કરે છે. 'શોલે' ફિલ્મમાં જેલરનું પ્રખ્યાત પાત્ર ભજવનારા દિગ્ગજ કલાકાર અસરાની પણ એવા જ હતા. તેમણે મોટા ભાગના ચરિત્ર પાત્રો ભજવ્યા અને તે પાત્રોમાં પોતાના હ્યુમર દ્વારા તેને જીવંત કરીને જતા રહ્યા. જો કોઈ વ્યક્તિ ક્યારેક ખાલી સમયમાં ઉદાસ કે એકલું અનુભવે છે તો આજે પણ અસરાનીના સીન્સ તેના ચહેરા પર સ્મિત લાવી દે છે અને કોઈને પણ હસવા માટે મજબુર કરી શકે છે. આ એક દમદાર કલાકારની નિશાની છે. અસરાની પણ મહાન કલાકાર રહ્યા છે, પરંતુ તેઓ આ દુનિયામાંથી વિદાય લઇ ચુક્યા છે. અભિનેતાના મૃત્યુ બાદ તેમની અંતિમ ફિલ્મ 'હેવાન' જલ્દીથી સિનેમાઘરોમાં આવશે. અસરાની સાથે અક્ષય કુમારે ઘણી ફિલ્મો કરી છે. આ વર્ષે બંને 'ભૂત બંગલા' ફિલ્મમાં જોવા મળ્યા હતા, જે સારી ચાલી હતી. અસરાની, અક્ષય કુમાર અને પ્રિયદર્શનીની 'તીગડી'એ કમાલ કરી હતી. અસરાનીના જીવનની અંતિમ ફિલ્મમાં પણ આ ત્રણેય સામેલ છે. એવામાં હવે અક્ષય કુમારે મહાન અભિનેતાને યાદ કર્યા અને 'હેવાન'ની રિલીઝ પહેલા તેમની એક કલીપ પણ શેર કરી છે. ક્લિપમાં અસરાની અને શારિબ હાશમીનું પાત્ર એકબીજા સાથે વાત કરતું નજરે પડે છે. બંને વચ્ચેના કોમિક સંવાદો ફેન્સને પણ ખુબ પસંદ આવી રહ્યા છે. આ સાથે તેઓ આના પર પોતાની પ્રતિક્રિયાઓ પણ આપી રહ્યા છે. નાની કલીપની કોમિક તો છે જ પરંતુ સાથે જ આને જોઈને ચાહકો અસરાનીને લઈને ભાવુક પણ દેખાયા હતા. અક્ષય કુમારે આ વીડિયો શેર કરતા કેપ્શનમાં લખ્યું, 'અમને આશ્ચર્ય છે કે અમને આ લેજન્ડ સાથે કામ કરવાની તક મળી અને તેમના જીવનના અંતિમ શોટને લાઈવ રેકોર્ડ થતા જોવાની તક પણ મળી. અસરાનીજી તમે ખૂબ યાદ આવશો.








# 'પ્રેમ કીટાણુ'ના નવા ગીત 'તૂ મેરા રૈય્યો'માં સચેત અને પરંપરાએ ફેલાવ્યો પ્રેમનો રંગ

### 'પ્રેમ કીટાણુ' 2 ઓક્ટોબર 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે


મુંબઇ

વર્ષના સૌથી વધુ ચર્ચામાં રહેનારા રોમેન્ટિક ગીતોમાં સ્થાન મેળવવાનું વચન આપતું 'તૂ મેરા રૈય્યો' રિલીઝ થઈ ગયું છે. આ ગીત બહુપ્રતીક્ષિત ફિલ્મ 'પ્રેમ કીટાણુ'નો એક ભાગ છે. સચેત ટંડન અને પરંપરા ટંડને આ ગીતને પોતાનો અવાજ આપવાની સાથે તેનું સંગીત પણ તૈયાર કર્યું છે, જ્યારે તેના શબ્દો કુણાલ વર્માએ લખ્યા છે. પ્રેમની નિર્દોષતા, હૂંફ અને સુંદર લાગણીઓને પોતાની અંદર સમેટી લેતી આ દિલને સ્પર્શી જાય તેવી ધૂન દરેક ઉંમરના લોકો સાથે જોડાવાનું વચન આપે છે. 'અંડી બંડી' અને 'કહો તોહ' જેવા ગીતોને દર્શકોનો પ્રેમ મળ્યા બાદ, ગૌરવ વર્માની અવનિકા ફિલ્મ્સે ફિલ્મના સંગીત આલ્બમનું ત્રીજું ગીત 'તૂ મેરા રૈય્યો' રિલીઝ કર્યું છે. આ ગીત પ્રેમ, આત્મીયતા અને રોમાન્સની સુંદર લાગણીઓને સામે લાવે છે. ગીતમાં વીર પહાડિયા અને આફિયા સૈયદની જોડી આ લાગણીઓને પડદા પર વધુ સુંદર રીતે રજૂ કરતી જોવા મળે છે. સચેત અને પરંપરાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોતાના સુરીલા અવાજમાં આ ગીતની એક ઝલક પણ શેર કરી હતી. તેમની આ નાનકડી રજૂઆતને દર્શકોનો ખૂબ જ પ્રેમ મળ્યો હતો અને ગીતને લઈને લોકોની ઉત્સુકતા પણ વધુ વધી હતી. 'તૂ મેરા રૈય્યો' વિશે વાત કરતાં સચેત ટંડન અને પરંપરા ટંડને કહ્યું, "'તૂ મેરા રૈય્યો' તમને ફરી એકવાર પ્રેમમાં પડવાનો અહેસાસ કરાવશે. આ ગીત પ્રેમની નિર્દોષતા અને હૂંફને પોતાની અંદર સમાવે છે અને આ જ વાત તેને વર્ષના સૌથી ખાસ ગીતોમાંનું એક બનાવે છે. આ પ્રકારનું ગીત ગાવું અમારા માટે હંમેશાં ખુશીની વાત હોય છે, કારણ કે અમને ખબર હોય છે કે તે સીધું લોકોના દિલ સુધી પહોંચશે. અમને ખૂબ જ ખુશી છે કે 'તૂ મેરા રૈય્યો'ના માધ્યમથી અમે 'પ્રેમ કીટાણુ'નો ભાગ બન્યા છીએ અને લોકો આ ગીતને કેટલું પસંદ કરે છે તે જોવા માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ."

# સંજય દત્તે મરાઠી બોલવાની ના પાડી! "6 વર્ષ જેલમાં રહ્યો તોય ન શીખ્યો" – વિડીયો વાયરલ થતાં યુઝર્સનો ભડકો!

મુંબઇ

બોલિવૂડના 'સંજુ બાબા' એટલે કે સંજય દત્ત ફરી એકવાર પોતાના નિવેદનને લઈને જોરદાર વિવાદમાં ફસાયા છે. થાણેમાં યોજાયેલા એક દહીં હાંડી ઉત્સવ દરમિયાન મહારાષ્ટ્રના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે મંચ પરથી સંજય દત્તને મરાઠીમાં બોલવાની વિનંતી કરી હતી. પરંતુ સંજય દત્તે મરાઠી બોલવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેતાં આ મુદ્દો સોશિયલ મીડિયા પર ભારે ગરમાયો છે અને વાયરલ વિડીયોને પગલે ભારે ચર્ચાઓ જાગી છે. મંચ પરથી મંત્રીજીની અપીલ અને સંજય દત્તનો રોકડો જવાબ કાર્યક્રમ દરમિયાન મંત્રી પ્રતાપ સરનાઈકે માઇક પર કહ્યું હતું કે, 'આજકાલ હું બધાને મરાઠી શીખવી રહ્યો છું. સંજય દત્ત આવ્યા છે તો કેમ આપણે એમની સાથે મરાઠીમાં વાત ન કરીએ? તેઓ હિન્દીમાં બોલે છે પણ આપણે મરાઠી સમજીએ છીએ.' મંત્રીજીની આ વાત સાંભળીને સંજય દત્તે હસતાં હસતાં માઇક હાથમાં લીધું અને કહ્યું, 'પ્રતાપ ભાઈ, હું 6 વર્ષ યરવડા જેલમાં રહ્યો તોય મરાઠી શીખી ના શક્યો! હા, થોડીઘણી આવડે છે.' આટલું કહી તેમણે મંત્રીના ખભા પર હાથ મૂકી જૂની દોસ્તીનો વાસ્તો આપ્યો હતો. મહારાષ્ટ્ર સરકારના બેવડા ધોરણો પર સવાલ: ગરીબ અને અમીર માટે અલગ નિયમ? નોંધનીય છે કે, મહારાષ્ટ્રના પરિવહન મંત્રાલયે તાજેતરમાં જ મુંબઈના ઓટો અને ટેક્સી ચાલકો માટે પાયાનું મરાઠી જ્ઞાન હોવું ફરજિયાત બનાવ્યું છે. આ સ્થિતિ વચ્ચે સંજય દત્ત જેવા મોટા કલાકારનો આવો જવાબ સોશિયલ મીડિયા યુઝર્સના ગળે નથી ઉતરી રહ્યો. સોશિયલ મીડિયા પર લોકોનો આક્રોશ અને ટ્રોલિંગ: ગરીબો પર જ દાદાગીરી? એક યુઝરે આક્રોશ ઠાલવતા લખ્યું, 'મહારાષ્ટ્રમાં મરાઠી બોલવાનો નિયમ ફક્ત ગરીબ ઓટો-ટેક્સી ચાલકો માટે જ છે? ધનિકો અને સેલિબ્રિટીઝ સામે નેતાઓ કેમ ચૂપ થઈ જાય છે?' રાજકીય પક્ષો પર નિશાન: અન્ય એક યુઝરે સવાલ ઉઠાવ્યો કે, 'જે રાજકીય પક્ષો ઓટોવાળા અને ફેરિયાઓ પર મરાઠી મુદ્દે હાથ ઉપાડે છે, શું તેઓ સંજય દત્ત સામે બોલવાની હિંમત બતાવશે?



## વર્તમાન ટીમ પાસેથી કોઈ અપેક્ષા નથી; મિસ્બાહે પણ સિસ્ટમ પર સવાલ ઉઠાવ્યા

# પાકિસ્તાન ક્રિકેટ વેન્ટિલેટર પર: શોએબ અખ્તર

ઈસ્લામાબાદ

પાકિસ્તાન ક્રિકેટ 'વેન્ટિલેટર પર' છે અને વર્તમાન ટીમ પાસેથી કોઈ આશા બાકી નથી. ઈંગ્લેન્ડ પ્રવાસ પર સતત ખરાબ પ્રદર્શન વચ્ચે, ભૂતપૂર્વ ઝડપી બોલર શોએબ અખ્તરે PCB અને ટીમની વર્તમાન સ્થિતિ પર આકરી ટિપ્પણી કરી છે.

તે જ સમયે, ભૂતપૂર્વ કેપ્ટન મિસ્બાહ-ઉલ-હકે સ્થાનિક અને વિદેશી કોચ સાથે અલગ-અલગ વ્યવહાર કરવા પર સવાલ ઉઠાવતા સિસ્ટમ પર નિશાન સાધ્યું છે. ઈંગ્લેન્ડ ત્રણ ટેસ્ટની શ્રેણીમાં 2-0ની અજેય લીડ બનાવી ચૂક્યું છે અને ત્રીજો મુકાબલો બાકી છે. શોએબ બોલ્યા- પાકિસ્તાન ક્રિકેટ વેન્ટિલેટર પર શોએબ અખ્તરે




'આઉટસાઈડ એજ' શોમાં કહ્યું કે, ટીમને ફરીથી મજબૂત સ્થિતિમાં આવવામાં લગભગ બે વર્ષ લાગી શકે છે. અખ્તરે કહ્યું કે PCB વર્તમાન ટીમના પ્રદર્શનથી નિરાશ છે અને હવે તેની આશાઓ આગામી પેઢીના ખેલાડીઓ પાસેથી છે. તેમનું માનવું છે કે એવા ક્રિકેટરોને તૈયાર કરવાની જરૂર છે જે લાંબા સમય સુધી પાકિસ્તાન માટે રમે. પૂર્વ ઝડપી બોલરે શાહીન શાહ આફ્રિદી, નસીમ શાહ અને હારિસ રઉફને લઈને અલગથી સાવચેતી રાખવાની સલાહ આપી. તેમણે કહ્યું કે આ ત્રણેયના કરિયરમાં હજુ ઘણી ક્રિકેટ બાકી છે, તેથી તેમના વર્કલોડ અને ફિટનેસનું ધ્યાન રાખવું જોઈએ. PCB અધિકારીએ કહ્યું- 'કંઈ નહીં'ની અપેક્ષા અખ્તરે PCBના એક અધિકારી સાથે થયેલી વાતચીતનો પણ ઉલ્લેખ કર્યો. તેમના મતે, તેમણે અધિકારીને પૂછ્યું હતું કે ઈંગ્લેન્ડ પ્રવાસ પર વર્તમાન ટીમ પાસેથી બોર્ડને શું અપેક્ષા છે. અખ્તરે અધિકારીના હવાલાથી કહ્યું, 'કંઈ નહીં. અમારી અપેક્ષાઓ તે ખેલાડીઓની આગામી પેઢી પાસેથી છે, જેને અમે મોટા મંચ માટે તૈયાર કરી રહ્યા છીએ.'

## લાબુશેન સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં

વોશિંગ્ટન

માર્નસ લાબુશેનને ખરાબ ફોર્મ છતાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાની 16 સભ્યોની ટીમમાં જાળવી રાખવામાં આવ્યો છે. ત્રણ મેચની શ્રેણી 9 ઓક્ટોબરથી શરૂ થશે. બાંગ્લાદેશ સામે જુલાઈમાં રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં



લાબુશેને 1, 31 અને 4 રનની ઈનિંગ્સ રમી હતી, જેના પછી તેની પસંદગી પર સવાલો ઉઠી રહ્યા હતા. જોકે, પસંદગીકારોએ નંબર-3 બેટર પર વિશ્વાસ જાળવી રાખ્યો છે. ટીમમાં મેથ્યુ કુહનેમન, કૂપર કોનોલી અને માઈકલ નેસરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રેણીની શરૂઆત 9 ઓક્ટોબરથી શ્રેણીની પ્રથમ ટેસ્ટ 9 ઓક્ટોબરથી ડરબનમાં રમાશે. બીજી ટેસ્ટ 18 ઓક્ટોબરથી જીક્વેબરહા અને ત્રીજી 27 ઓક્ટોબરથી કેપ ટાઉનમાં રમાશે. લાબુશેને તેની છેલ્લી ટેસ્ટ સદી 2023માં ઈંગ્લેન્ડ સામે માન્ચેસ્ટરમાં ફટકારી હતી. ત્યારથી તેણે 43 ઈનિંગ્સમાં 24.69ની સરેરાશથી રન બનાવ્યા છે. બાંગ્લાદેશ સામેની તાજેતરની શ્રેણીમાં પણ તેનું પ્રદર્શન પ્રભાવશાળી રહ્યું નથી. ખરાબ ફોર્મના કારણે તેમને ઝિમ્બાબ્વે અને સાઉથ આફ્રિકા સામેની વનડે સીરીઝની ટીમમાંથી પણ બહાર કરવામાં આવ્યા છે. લેફ્ટ આર્મ સ્પિનર મેથ્યુ કુહનેમેનને નાથન લાયન સાથે બીજા નિષ્ણાત સ્પિનર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

### હર્ષિતા સમરવિક્રમાએ અણનમ 48 રન બનાવ્યા

## શ્રીલંકન વુમન્સ ટીમ એશિયા કપની સેમિફાઇનલમાં: બાંગ્લાદેશને 4 વિકેટે હરાવ્યું

નવી દિલ્હી

દુબઈમાં રવિવારે વુમન્સ એશિયા કપ 2026ના ગ્રુપ-B મુકાબલામાં શ્રીલંકાએ બાંગ્લાદેશને 4 વિકેટે હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું. બાંગ્લાદેશે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 8 વિકેટે 114 રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાએ 19.2 ઓવરમાં 6 વિકેટે 115 રન બનાવીને મેચ જીતી લીધી. હર્ષિતા સમરવિક્રમાએ દબાણ વચ્ચે 37 બોલમાં અણનમ 48 રનની ઈનિંગ રમીને ટીમને જીત અપાવી. શ્રીલંકા ગ્રુપ-Bમાં ટોચ પર શ્રીલંકા ગ્રુપ-Bની પોતાની તમામ મેચો જીતીને પોઈન્ટ્સ



ટેબલમાં ટોચ પર છે અને હવે સેમિફાઈનલમાં ગ્રુપ-Aમાં બીજા સ્થાને રહેલી ટીમ સામે શુક્રવારે ટકરાશે. ટીમ ટુર્નામેન્ટની ડિફેન્ડિંગ ચેમ્પિયન પણ છે. 115 રનના લક્ષ્યનો પીછો કરતા શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી. કેપ્ટન ચમારી અટાપટ્ટુ માત્ર 1 રન બનાવીને મારુફા અખ્તરની બોલ પર આઉટ થઈ ગઈ. મારુફાએ આ પછી ઈમેશા દુલનીને પણ પેવેલિયન ભેગી કરી દીધી.

આ પછી સુલતાના ખાતૂન અને રિતુ મોનીએ પણ વિકેટ લીધી. કવિશા દિલહારી રન આઉટ થઈ ગઈ અને શ્રીલંકા 10મી ઓવર સુધીમાં 44 રન પર 5 વિકેટ ગુમાવી ચૂક્યું હતું. અહીં બાંગ્લાદેશ જીતની સ્થિતિમાં દેખાઈ રહ્યું હતું. સમરવિક્રમાએ આ પછી નિલાક્ષિકા સિલ્વા સાથે મળીને ઈનિંગ્સ સંભાળી. બંનેએ છઠ્ઠી વિકેટ માટે 38 રન જોડ્યા. સિલ્વા 18 રન બનાવીને 17મી ઓવરમાં મારુફાની બોલ પર બોલ્ડ થઈ, પરંતુ સમરવિક્રમાએ હાર ન માની.

## ઇશાન કિશન 150થી વધુ રન બનાવીને અણનમ

### દુલીપ ટ્રોફી ફાઇનલમાં ઇસ્ટ ઝોનનો સ્કોર 400 પાર; કુમાર કુશાગ્રની સદી

સિડની

દુલીપ ટ્રોફી ફાઈનલમાં ઈસ્ટ ઝોનના કેપ્ટન ઈશાન કિશને શાનદાર સદી ફટકારી ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધી છે. ચેન્નઈમાં સાઉથ ઝોન સામે રમાઈ રહેલી મેચમાં ઈસ્ટ ઝોને 5 વિકેટે 470થી વધુ રન બનાવ્યા છે.

ઈશાન 150થી વધુ રન બનાવી અણનમ છે. ઈશાનની 10મી ફર્સ્ટ ક્લાસ સદી. ઈશાને પહેલા દિવસે અણનમ 111 રન બનાવ્યા હતા અને બીજા દિવસે પણ પોતાની ઈનિંગ્સને આગળ વધારતા સ્કોરને 150ને પાર પહોંચાડ્યો હતો. આ તેની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 10મી સદી છે. તેની સાથે કુમાર કુશાગ્રએ પણ



શાનદાર બેટિંગ કરી અને 101 રન બનાવ્યા. કુશાગ્ર આઉટ થયા પછી પણ ઈશાન હજુ ક્રિઝ પર ટકી રહ્યો છે. ઈસ્ટ ઝોને રવિવારે પહેલા દિવસે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી. ટીમની શરૂઆત પણ સારી રહી હતી. વૈભવ સૂર્યવંશીએ 37 બોલમાં 44 રન બનાવ્યા, જ્યારે અભિમન્યુ ઈશ્વરને 72 અને શિખર મોહને 85 રનની ઈનિંગ્સ રમી. સૂર્યવંશી અને ઈશ્વરને પ્રથમ વિકેટ માટે 100 રન જોડ્યા હતા. ત્યારબાદ ઈશાને ઈનિંગ્સ સંભાળી અને ટીમને મોટા સ્કોર તરફ પહોંચાડી. સિરાજને અત્યાર સુધી એક પણ વિકેટ નહીં સાઉથ ઝોન તરફથી ચામા મિલિંદ અને ત્રિપુરાના વિજયે 2-2 વિકેટ લીધી છે. અભિમન્યુ ઈશ્વરન રન આઉટ થયા. જોકે, મોહમ્મદ સિરાજ સહિત સાઉથ ઝોનના બોલરો ઈસ્ટ ઝોનના બેટરો પર સતત દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યા છે. સિરાજે 17 ઓવરમાં 109 રન આપ્યા અને તેમને અત્યાર સુધી કોઈ વિકેટ મળી નથી. બંને ટીમોની પ્લેઈંગ-11

ઈસ્ટ ઝોન: અભિમન્યુ ઈશ્વરન, વૈભવ સૂર્યવંશી, કુમાર કુશાગ્ર, સુદીપ કુમાર ઘરામી, શિખર મોહન, ઈશાન કિશન (વિકેટકીપર/કેપ્ટન), એમડી કૌનૈન કુરેશી, અનુકૂલ રોય, મોહમ્મદ શામી, અભિજીત કે સરકાર, મુકેશ કુમાર.

સાઉથ ઝોન: રિંકી ભુઈ, નારાયણ જગદીસન (વિકેટકીપર), દેવદત્ત પડિક્કલ, શેખ રશીદ, તિલક વર્મા (કેપ્ટન), સ્મરણ રવિચંદ્રન, શ્રેયસ ગોપાલ, ત્રિપુરાના વિજય, મોહમ્મદ સિરાજ, ચામા વી મિલિંદ, એમડી નિધિશ.



### ઉમંગ એપથી નવો UAN બનાવો, એક્ટિવેટ કરો અને આધાર ફેસ-ઓથેન્ટિકેશનથી એકાઉન્ટ વેરિફાય કરો

# EPFOની UAN સેવાઓ હવે મોબાઇલ પર

મુંબઈ

એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન એટલે કે EPFO એ ઉમંગ એપ પર તેની ડિજિટલ સેવાઓમાં વધારો કર્યો છે. હવે પીએફ ખાતાધારકો આધાર-આધારિત ફેસ-ઓથેન્ટિકેશન દ્વારા મોબાઈલથી જ પોતાનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર એટલે કે UAN જનરેટ, એક્ટિવેટ અને ઓથેન્ટિકેટ કરી શકે છે. ઓર્ગેનાઈઝેશનની આ પહેલનો હેતુ EPFO સેવાઓ સુધી પહોંચને સરળ બનાવવાનો અને ફિઝિકલ કે મેન્યુઅલ વેરિફિકેશન પર નિર્ભરતાને સમાપ્ત કરવાનો છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર




તેની જાહેરાત કરતા જણાવ્યું કે સભ્યો હવે ઉમંગ એપ દ્વારા સીધા UAN ફાળવી, એક્ટિવેટ અને ઓથેન્ટિકેટ કરી શકે છે. UAN એક્ટિવેટ થયા પછી, સભ્યો EPF બેલેન્સ ચેક કરવા, પાસબુક ડાઉનલોડ કરવા, ક્લેમ સ્ટેટસ ટ્રેક કરવા અને KYC વિગતો અપડેટ કરવા જેવી તમામ સુવિધાઓનો લાભ ઘરે બેઠા લઈ શકશે. આ સુવિધા ખાસ કરીને તે કર્મચારીઓ માટે ખૂબ ફાયદાકારક છે જેઓ પ્રથમ વખત EPF સિસ્ટમ સાથે જોડાઈ રહ્યા છે. નવું UAN બનાવવા માટે કર્મચારી પાસે એક માન્ય આધાર નંબર, આધાર-લિંક્ડ મોબાઈલ નંબર અને 'Aadhaar Face RD' એપ્લિકેશન હોવી જરૂરી છે. જે કર્મચારીઓનો UAN પહેલેથી જ જનરેટ થયેલો છે પરંતુ હજુ સુધી એક્ટિવેટ થયો નથી, તેઓ ઉમંગ એપ પર ઉપલબ્ધ 'UAN Activation' વિકલ્પનો ઉપયોગ કરી શકે છે. આ માટે યુઝરને પોતાનો UAN, આધાર નંબર અને મોબાઈલ નંબર દાખલ કરીને સંમતિ આપવી પડશે.

### કંપનીએ કઈ કારમાં ભાવવધારો થશે તે સ્પષ્ટ કર્યું નથી

# મારુતી સુઝુકીનો ગ્રાહકોને મોટો ઝટકો, ત્રીજી વખત ગાડીઓની કિંમત વધારવાની જાહેરાત

**કંપનીએ સપ્ટેમ્બર 2026થી કેટલીક પસંદગીની કારના મોડલ્સની કિંમતોમાં 20,000 રૂપિયા સુધીનો વધારો કરવાની જાહેરાત કરી છે. વધતી ઉત્પાદન કિંમત અને મોંઘવારીને કારણે આ નિર્ણય લેવાયો છે**

નવી દિલ્હી

મારુતિ સુઝુકીએ ગ્રાહકોને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. કંપનીએ સપ્ટેમ્બર 2026થી કેટલીક સિલેક્ટેડ કારના મોડલ્સની કિંમતોમાં 20 હજાર રૂપિયા સુધીનો વધારો કરવાની જાહેરાત કરી છે.

કંપનીનું કહેવું છે કે, સતત વધતી પ્રોડક્શન કોસ્ટ અને મોંઘવારીને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે. મારુતિ સુઝુકીએ આ પહેલાં મે અને ઓગસ્ટમાં પણ ભાવવધારાની જાહેરાત કરી હતી. જો કે, પહેલાં કરેલો ભાવવધારો લગભગ સમગ્ર વ્હિકલ પોર્ટફોલિયો માટે લાગુ હતી, જ્યારે આ મહિનામાં થનારો ભાવવધારો માત્ર સિલેક્ટેડ મોડલ્સ માટે હતી. કઈ કઈ કારમાં ભાવવધારો થશે? મારુતિ સુઝુકીએ હાલ એ સ્પષ્ટતા નથી કરી કે, 20 હજાર રૂપિયા સુધીનો વધારો કઈ કઈ કાર પર લાગુ થશે. કંપનીના હાલના કાર પોર્ટફોલિયોમાં ઑલ્ટો K10,




S-પ્રેસો, સેલેરિયો, વેગનઆર, ઈકો, સ્વિફ્ટ ડિઝાયર, બ્રેઝા, અર્ટિગા અને વિક્ટોરિસ જેવી કાર સામેલ છે. તો નેક્સા સિરિઝ અંતર્ગત કંપનીની વિટારા, ઈનવિક્ટો, જિમ્ની, XL6, ગ્રેન્ડ વિટારા, ફ્રૉન્ક્સ અને બલેનો સેલ છે. આમાંથી કયા મોડલ પર ભાવવધારો લાગુ થશે તેની જાણકારી કંપનીએ આપી નથી. ખર્ચ વધવાથી કંપનીઓ પર દબાણ મારુતિ સુઝુકી સિવાય હાલમાં ટાટા મોટર્સ અને હ્યુન્ડેએ પણ કેટલીક કારમાં ભાવવધારાની જાહેરાત કરી છે. આ કંપનીઓએ વધતી પ્રોડક્શન કોસ્ટ અને સપ્લાય ચેનને લઈને ભાવવધારાનું મુખ્ય કારણ ગણાવ્યું છે. મારુતિ સુઝુકીનું કહેવું છે કે, વધતા ખર્ચની અસર ગ્રાહકો પર શક્ય તેટલી ઓછી પડે તે માટે પ્રયાસ કરી રહી છે. તેથી ઉત્પાદન ખર્ચ ઘટાડવા તેમજ સ્થાનિક સ્તરે વધુમાં વધુ કોમ્પોનેન્ટ્સનું ઉત્પાદન વધારવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. મારુતિ સુઝુકીએ તાજેતરમાં લોન્ચ કરી નવી બલેનો મારુતિ સુઝુકીએ 5 સપ્ટેમ્બરે બલેનોના ફેસલિફ્ટને લોન્ચ કરી છે. કંપનીએ તેની શરૂઆતની કિંમત 6.10 લાખ રૂપિયા રાખી છે. તેમાં સૌથી મોટો બદલાવ 1.2 લીટર Z-સિરિઝના થ્રી-સિલિન્ડરવાળા પેટ્રોલ એન્જિનનો છે. જેને સ્વિફ્ટ અને ડિઝાયરમાંથી લેવામાં આવ્યું છે.

### સોનુ-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો

# સોનું ₹2409 અને ચાંદી ₹3967 સસ્તી: 10 ગ્રામ સોનું ₹1.52 લાખ પર આવ્યું

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 7 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 2,409 રૂપિયા ઘટીને 1.52 લાખ રૂપિયા પર આવી ગઈ છે. જ્યારે એક કિલો ચાંદીની કિંમત આજે 3,967 રૂપિયા ઘટીને 2.31 લાખ રૂપિયા પર આવી ગઈ. ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે શુક્રવારે સોનાની કિંમત 1.55 લાખ અને ચાંદીના ભાવ 2.35 લાખ રૂપિયા હતા. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 19 હજાર રૂપિયા



મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.35 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો.

# સેન્સેક્સ 382 પોઈન્ટ ઘટીને 76,132 પર બંધ

■ **નિફ્ટી પણ 118 પોઈન્ટ ઘટ્યો, 23,779ના સ્તરે આવ્યો**

મુંબઈ

શેરબજારમાં આજે સોમવાર, 7 સપ્ટેમ્બરના રોજ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 382 પોઈન્ટ ઘટીને 76,132



પર બંધ થયો. નિફ્ટી પણ 118 પોઈન્ટ ઘટ્યો, તે 23,779ના સ્તરે બંધ થયો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)એ આજથી શેરબજાર ખુલતા પહેલાના 'પ્રી-ઓપન સેશન'ના નિયમોમાં ફેરફાર કર્યો છે. નવો નિયમ લાગુ થઈ ગયો છે અને તેનો હેતુ ઓર્ડર મેચિંગની પ્રક્રિયાને વધુ પારદર્શક અને બહેતર બનાવવાનો છે. શેરબજાર ખુલતા પહેલાનો કુલ પ્રી-ઓપન સમય 15 મિનિટ- સવારે 9:00 થી 9:15 વાગ્યા સુધીનો જ રહેશે. ઓર્ડર સબમિટ કરવાનો સમય બદલાયો સવારે 9:00 થી 9:05 વાગ્યા સુધી: ટ્રેડર્સ માર્કેટ ઓર્ડર અને લિમિટ ઓર્ડર બંને દાખલ કરી શકશે. માર્કેટ ઓર્ડર મૂકવા માટે હવે ટ્રેડર્સ પાસે ફક્ત શરૂઆતના 5 મિનિટનો જ સમય હશે. એલ્ગો માર્કેટ ઓર્ડર્સ પણ સવારે 9:00 થી 9:05 વાગ્યાની વચ્ચે જ મૂકી શકાશે. સવારે 9:05 થી 9:10 વાગ્યા સુધી: ફક્ત અને ફક્ત લિમિટ ઓર્ડર જ સ્વીકારવામાં આવશે.

## લાકડીઓ સાથે આવી મુસાફરોને અધવચ્ચે રઝળાવ્યા

# અમદાવાદમાં રિક્ષાચાલકોની 'દાદાગીરી' અને હડતાળનો હોબાળો: પોલીસ કાફલો ખડકાયો!

અમદાવાદ

અમદાવાદ શહેર આજે મુસાફરો માટે આફતનું મેદાન બની ગયું છે. ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ્લિકેશન આધારિત ટેક્સી અને બાઇક-ટેક્સી સેવાઓના વિરોધમાં શહેરના અંદાજે 3.70 લાખ રિક્ષા અને ટેક્સી ચાલકોએ અનિશ્ચિત મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. જોકે, આ વિરોધ પ્રદર્શન હવે માત્ર વિરોધ પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ રિક્ષાચાલકોની સીધી દાદાગીરી અને ગુંડાટોળી જેવા દ્રશ્યોમાં ફેરવાઈ ગયો છે.

સવારથી જ શહેરના ગીચ વિસ્તારો જેવા કે કાલુપુર રેલ્વે સ્ટેશન, ગીતા મંડળ બસ સ્ટેન્ડ, આશ્રમ રોડ, એસ.જી. હાઈવે અને સરખેજ પર વિરોધ કરી રહેલા રિક્ષાચાલકોની દાદાગીરી





ચરમસીમાએ પહોંચી હતી.

જે મુસાફરો કે નોકરીયાતો ખાનગી કે ઈમરજન્સી સેવા માટે રિક્ષામાં જઈ રહ્યા હતા, તેમને હડતાળિયા રિક્ષાચાલકોએ અટકાવ્યા હતા.

હાથમાં લાકડીઓ અને ડંડા લઈને આવેલા યુનિયનના ચાલકોએ ચાલુ રિક્ષાઓ અટકાવી, ચાવીઓ આંચકી લીધી અને નાના બાળકો, મહિલાઓ તેમજ વૃદ્ધ મુસાફરોને રસ્તાની વચોવચ ઉતારી મૂક્યા હતા.

આંતરીને ધમકી આપવાના દ્રશ્યો સામે આવતા જ સાધારણ નાગરિકો અને મુસાફરોમાં ભારે ફાળ પડી હતી.

ઓલા, ઉબેર અને ખાસ કરીને રેપિડો (બાઇક ટેક્સી)ની ગેરકાયદેસર કામગીરી સામે.

એપ-આધારિત કંપનીઓ સસ્તા ભાડા અને બાઇક ટેક્સી ચલાવીને સ્થાનિક રિક્ષાચાલકોની રોજીરોટી છીનવી રહી છે.

અમદાવાદ શહેર અને આસપાસના 3.70 લાખથી વધુ રિક્ષા અને ટેક્સીઓ.

ઓફિસે જતા લોકો, હોસ્પિટલના દર્દીઓ અને સ્ટેશનથી આવતા પ્રવાસીઓ ભારે હેરાન.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના તમામ મુખ્ય ચોક અને સંવેદનશીલ વિસ્તારોમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) અને સ્થાનિક પોલીસ દ્વારા પેટ્રોલીંગ તેજ કરવામાં આવ્યું છે.

**કાલુપુરથી પકવાન સર્કલના ₹250ની સામે ₹600 ભાડું વસૂલ્યું |** જ્યારે બીજા બનાવમાં વલસાડની એક સ્ટુડન્ટ હેતવી દેસાઈ કોલેજમાં પ્રોજેક્ટ સબમીશન હતું જેથી ત્રણ કલાક માટે તે વલસાડથી અમદાવાદ આવી હતી. કાલુપુર સ્ટેશને ઉતરી અને પકવાન સર્કલ પાસે કોલેજે જવાનું હતું. પહેલીવારમાં રિક્ષાચાલકે 1500 કહ્યા હતા. જોકે, ઓનલાઈન રિક્ષા બુકિંગમાં કાલુપુરથી પકવાન સર્કલનું માત્ર ભાડું 250 બતાવી રહ્યું હતું. રકઝક પછી 1200 રિક્ષાચાલક આવ્યો પણ ઓછા ન જ કર્યા. વિદ્યાર્થિની બીમાર હતી. તેને ચક્કર આવતાં હતાં. પ્રોજેક્ટ સબમીટ કરવો પણ ફરજિયાત હતો. અંતે તેણે ત્રણ-ચાર રિક્ષાચાલકોને વિનંતી કરી જોઈ. એક રિક્ષાવાળો 600માં તૈયાર થયો હતો.

**થ્રી ટાયર AC ટ્રેનના ભાડા કરતા બમણું રિક્ષાનું ભાડું |** આવા એકલ દોકલ નહીં, અનેક બનાવો છે. સંખ્યાબંધ મુસાફરો પરેશાન થયા છે. ટ્રેનમાં ગમે તેમ કરીને ઓછી ટિકિમાં પહોંચેલા મુસાફરોએ સેકન્ડ એસી કોચ જેટલો ભાવ રિક્ષાવાળાને આપવો પડ્યો હતો. જે કોર્પોરેટ ઓફિસર ટ્રેનમાં 1350 રૂપિયા ખર્ચીને થ્રી ટાયર એસીમાં આવ્યા, તેને રિક્ષાના 2500 સાંભળીને આંચકો લાગ્યો હતો.

## પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

# વટવામાં યુવકે લગ્નની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ આચર્યું

અમદાવાદ

અમદાવાદના વટવા વિસ્તારમાં 20 વર્ષીય યુવતી સાથે લગ્નની લાલચ આપી છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. સોસાયટીમાં રહેતા અર્શ ઈરશાદ રંગરેઝે ત્રણ વર્ષ સુધી પ્રેમસંબંધ રાખી દુષ્કર્મ આચર્યું હતું. યુવકે અન્ય યુવતી સાથે સગાઈ કરી લીધા બાદ પણ પીડિતા સાથે સંબંધ ચાલુ રાખ્યો હતો. પીડિતાએ વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વટવા વિસ્તારમાં લગ્નની લાલચ આપી 20 વર્ષીય યુવતી સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોસાયટીમાં જ રહેતા યુવકે ત્રણ વર્ષ સુધી પ્રેમસંબંધ રાખી દુષ્કર્મ આચર્યા બાદ અન્ય યુવતી સાથે લગ્ન નક્કી કરી લીધા હતા. પીડિતાએ આ મામલે વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, વટવા ખાતે રહેતી 20 વર્ષીય યુવતીને આશરે ત્રણ વર્ષ અગાઉ




તેની સોસાયટીમાં રહેતા અર્શ ઈરશાદ રંગરેઝ સાથે તેને પરિચય થયો હતો. બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી અને પ્રેમસંબંધ બંધાયો હતો. પ્રેમસંબંધના બે મહિના બાદ, જ્યારે આરોપીના ઘરે કોઈ હાજર નહોતું ત્યારે તેણે યુવતીને પોતાના ઘરે બોલાવી હતી.


યુવકે 'હું તારી સાથે લગ્ન કરીશ' તેવી લાલચ આપી યુવતીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો.

ત્યારબાદ પણ આરોપીએ લગ્નનું વચન આપીને અવારનવાર ત્રણથી ચાર વખત પોતાના ઘરે યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. એકાદ વર્ષ પહેલાં આરોપી અર્શ રંગરેઝની સગાઈ અન્ય છોકરી સાથે થઈ જતાં યુવતીએ આ અંગે પૂછપરછ કરી હતી.

# પાલડીમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આસિસ્ટન્ટ મેનેજરે આચરી 1.35 લાખની છેતરપિંડી, ફરિયાદ દાખલ

અમદાવાદ

અમદાવાદના પાલડીમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આસિસ્ટન્ટ મેનેજર કેવિન શાહે દેરાસર નિર્માણ-રિપેરિંગની ગ્રાન્ટ મંજૂર કરાવવાના બહાને વિવિધ સંઘો પાસેથી 1.35 લાખ રૂપિયા પડાવી છેતરપિંડી આચરી. જનરલ મેનેજર નૈમિષ શાહે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ટ્રસ્ટીઓને આંગડિયાની સ્લિપ વોટ્સએપ પર મળતાં આ ભાંડો ફૂટ્યો હતો. પાલડી ખાતે આવેલી જાણીતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના જીર્ણોદ્ધાર વિભાગના આસિસ્ટન્ટ મેનેજરે ટ્રસ્ટમાંથી દેરાસર નિર્માણ અને રિપેરિંગની ગ્રાન્ટ મંજૂર કરાવવાના બહાને વિવિધ સંઘો પાસેથી રૂ. 1.35 લાખ પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પાલડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પેઢીના જનરલ મેનેજર નૈમિષ ભરતકુમાર શાહે કર્મચારી કેવિન નીતિનભાઈ શાહ સામે આ અંગે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી



તપાસ હાથ ધરી છે. કડીમાં રહેતો કેવિન શાહ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીમાં 1 એપ્રિલ 2024થી નોકરી કરતો હતો. તેની કામગીરી દેરાસરો અને સંઘોની ગ્રાન્ટ અરજીઓ ટ્રસ્ટી સમક્ષ મંજૂરી માટે મૂકવાની હતી. આ દરમિયાન મહેસાણાના જાખાના જૈન શાંતિનાથ ટ્રસ્ટની રૂ. 72 લાખની મંજૂર થયેલી ગ્રાન્ટ પૈકી બાકીની રકમની ફાઈલ ક્લિયર કરાવવા પેટે તેણે મુંબઈ બોરીવલીના વિનોદભાઈ જે. શાહ મારફતે રૂ. 1 લાખ આંગડિયા દ્વારા મેળવ્યા હતા. આ સિવાય, આરોપીએ મધ્યપ્રદેશના કુકલાહ જૈન સંઘ પાસેથી પણ ફાઈલ ક્લિયર કરાવવા માટે છેલ્લા સાત મહિનાથી દર મહિને રૂ. 5 હજાર લેખે કુલ રૂ. 35 હજાર પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હોવાની કબૂલાત કરી હતી.

## બનાવનું કારણ જાણવા વાલીએ શાળાએ ગયા તો CCTV બંધ મળ્યા

# અમદાવાદની શાળામાં વિદ્યાર્થીને તીક્ષ્ણ હથિયારનો ઘા વાગતા 15 ટાંકા લેવા પડ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના ભૂયંગદેવ વિસ્તારમાં આવેલી શારદા વિદ્યામંદિર સ્કૂલ વિવાદમાં આવે છે. 31 તારીખે સ્કૂલ છુટયા પછી વિદ્યાર્થીને હાથમાં ગંભીર ઈજા થતા 15 ટાંકા લેવા પડ્યા હતા. ધોરણ 8ના વિદ્યાર્થીને હાથ પર તીક્ષ્ણ ઘા વાગ્યો કે કોઈએ માર્યો તે જાણવા માટે વાલીએ પ્રિન્સિપાલને રજૂઆત કરી હતી. તે સમયે ઘટના જાણવા માટે શાળા દ્વારા CCTV ની ચકાસણી પણ કરવામાં ન આવી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને ઘટના મુદ્દે જાણ પણ કરવામાં આવી નહતી. જો કે હવે શાળાએ તે સમયના જ CCTVનું રેકોર્ડિંગ ન થયું હોવાનું કારણ આગળ ધરી પોતાનો બચાવ કર્યો છે. તેમજ પ્રિન્સીપાલ દ્વારા ઘટનાના 6 દિવસ બાદ શાળા મેનેજમેન્ટને જાણ ન કરી ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીને કોઈએ માર માર્યો છે કે વાગ્યું છે તે જાણતા તપાસ શરૂ કરવામાં આવી છે.

ભૂયંગદેવ વિસ્તારમાં આવેલી શારદા




વિદ્યામંદિર સ્કૂલમાં ધોરણ 8માં અભ્યાસ કરતો વિદ્યાર્થી 31 ઓગસ્ટ શાળા છૂટી ત્યારે બહાર આવ્યો હતો. જ્યારે વાનમાં બેસવા ગયો ત્યારે અન્ય વિદ્યાર્થીએ તેના હાથ પર લોહી નીકળતું જોયું હતું. શાળા છૂટ્યા બાદ તરત જ વાનમાં બેસવા આવેલા વિદ્યાર્થીના હાથ પર ગંભીર તીક્ષ્ણ ઘા વાગ્યો હતો. જેના કારણે લોહી પણ ખૂબ નીકળી રહ્યું હોવાથી વાન ચાલકે તેને પાટો બાંધી પ્રાથમિક સારવાર કરી હતી. ગંભીર ઈજા પહોંચી હોવાથી સ્કૂલ વાન ચાલક વિદ્યાર્થીને તેના ઘરે ઉતારી ગયો હતો. જો કે બાળકને ગંભીર રીતે ઈજા થતા માતા પિતા તેને હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ગંભીર ઈજા થઈ હોવાથી તેને 15 જેટલા ટાંકા આવ્યા હતા. હાથ પર ગંભીર ઘા કઈ રીતે વિદ્યાર્થીને ગંભીર રીતે વાગ્યો તે જાણવા માટે ધોરણ 8ના વિદ્યાર્થીના વાલીએ શાળામાં રજૂઆત કરી હતી. સેવનથ ડે બાદ પણ ઘટનાની ગંભીરતાને ન સમજી શાળાએ તે સમયે CCTV તપસ્યા જ નહીં. તેમજ વાલીને સોમવારે CCTV જોવા આવવા કહ્યું હતું. પરંતુ સોમવારે દિવ્ય ભાસ્કરની ટીમ પહોંચી ત્યારે તે સમયના CCTV બંધ હોવાનું કહી પોતાનો બચાવ કર્યો છે. આખો દિવસ CCTV ચાલુ હતા અને તે સમયે જ CCTV ટેક્નિકલ કારણસર બંધ થયા હોવાનું કારણ આગળ ધરતા અનેક સવાલ ઊભા થયા છે. વિદ્યાર્થીને તીક્ષ્ણ ઘા કઈ રીતે વાગ્યો તે જાણવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ સમગ્ર ઘટનાનો રિપોર્ટ અને CCTV રજૂ કરવા માટે સૂચના આપી છે. વિદ્યાર્થીના વાલીએ જણાવ્યું હતું કે, મારા દીકરાને શાળામાં હાથ પર કંઈક લાગ્યું હતું.

# ફેક મેસેન્જર આઈડીથી વિઝા ફ્રોડ: દસક્રોઈના યુવકને 2.65 લાખનો ચૂનો

અમદાવાદ, સમીર પટેલ

દસક્રોઈ તાલુકાના ચોસર ગામમાં રહેતા ઉત્તરપ્રદેશના યુવકને સાયબર ગઠિયાએ તેના રશિયામાં રહેતા માસીના દીકરાના નામે ફેક મેસેન્જર આઈડી બનાવી મેસેજ કર્યો હતો. રશિયામાં વિઝા એક્સપાયર થઈ ગયો હોવાનું અને વિઝા રીન્યુ નહીં કરાવવામાં આવે તો એજન્સીવાળા તેને આઠ વર્ષ માટે જેલમાં મોકલી દેશે તેવી ધમકી આપી કુલ રૂ.2.65 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધાની ફરિયાદ અસલાલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ચોસર ગામની કૈલાસ રાઈસ મિલમાં ઓપરેટર તરીકે નોકરી કરતા સંતોષ યાદવને તા.3 સપ્ટેમ્બરે તેના માસીના દીકરા રાજારામ યાદવના નામે મેસેન્જર પર મેસેજ આવ્યો હતો. રાજારામ છેલ્લા બે વર્ષથી રશિયામાં રહે છે. મેસેજમાં તેનો વિઝા પૂરો થઈ ગયો હોવાનું તથા રૂ.95 હજાર બાકી હોવાથી એજન્સીવાળા વિઝા બ્લોક કરી તેને જેલમાં મોકલી દેશે તેમ જણાવાયું હતું. સાથે જ વિઝા એજન્ટનો મોબાઈલ નંબર આપી વાત કરવાનું કહેવામાં આવ્યું હતું.

સંતોષે નંબર પર વોટ્સએપ કોલ કરતાં સામેવાળાએ પોતાને વિઝા એજન્ટ તરીકે ઓળખાવ્યો અને રાજારામનો વિઝા બ્લોક થઈ ગયો હોવાનું કહી સ્કેનર મોકલ્યું હતું. ભયના કારણે સંતોષે પોતાના કોટક મહિન્દ્રા બેન્ક ખાતામાંથી રૂ.30 હજાર, યુનિયન બેન્ક ખાતામાંથી રૂ.50 હજાર તથા શેઠના પુત્ર મારફતે રૂ.15 હજાર મળી રૂ.95 હજાર ટ્રાન્સફર કર્યા હતા.

ત્યારબાદ ગઠિયાએ ફરી કોલ કરી વિઝા છૂટાવવા માટે વધુ રૂ.1.70 લાખની માંગણી કરી હતી, જે સંતોષે પણ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં પ્લેનની ટિકિટ માટે વધુ રૂ.2.70 લાખ માંગતાં સંતોષને શંકા ગઈ હતી. તેણે રાજારામના ભાઈ દયારામનો સંપર્ક કરતાં રાજારામ સુરક્ષિત હોવાનું અને તેનું કામ ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું.

આથી પોતે સાયબર ફ્રોડનો ભોગ બન્યો હોવાનું જણાતાં સંતોષે 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથધરી છે.

## થલતેજમાં કાળમુખા ડમ્પરનો આતંક

# માતાની નજર સામે 12 વર્ષની માસૂમ દીકરીનું કરૂણ મોત નીપજ્યું!

અમદાવાદ

અમદાવાદનો પોશ ગણાતો થલતેજ વિસ્તાર ગઈકાલે એક એવી દર્દનાક અને કાળજું કંપાવી દે તેવી ઘટનાનો સાક્ષી બન્યો, જે સાંભળીને જ રૂવાંડા ઊભા થઈ જાય. પોતાના સંતાનને સુરક્ષિત રાખવા મથતી એક માતાની આંખો સામે જ તેના હૃદયના ટુકડા સમાન ૧૨ વર્ષની બાળકીને એક બેફામ સ્પીડે આવતા કાળમુખા ડમ્પરે કચડી નાખી. સ્થળ પર જ બાળકીનું કરૂણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ છે અને સમગ્ર વિસ્તારમાં ભારે શોક સાથે તંત્ર સામે આક્રોશ ફાટી નીકળ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, માતા પોતાની ૧૨ વર્ષની દીકરી સાથે રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે જ પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી બાળકીને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાળકીને ગંભીર ઈજાઓ પહોંચતા તેણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. પોતાની કૂંપળ જેવી દીકરીને લોહીલુહાણ હાલતમાં જોઈને માતાના કરુણ આક્રંદથી આખો વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો હતો. આ ઘટનામાં સૌથી ચોંકાવનારો અને આંખ ઉઘાડનારો ખુલાસો એ થયો છે કે અકસ્માત સર્જનારું આ ડમ્પર કોઈ નવું ગુનેગાર નથી! તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ જ ડમ્પરથી ભૂતકાળમાં પણ એક જીવલેણ અકસ્માત સર્જાઈ ચૂક્યો છે. અગાઉ ગંભીર અકસ્માત સર્જાયો હોવા છતાં આ ડમ્પરને ફરીથી શહેરના રસ્તાઓ પર દોડવાની મંજૂરી કેમ આપવામાં આવી? શું ટ્રાફિક પોલીસ અને RTO તંત્ર કોઈનો જીવ જવાની રાહ જોતું હતું? શહેરમાં બેફામ દોડતા ડમ્પર અને ભારે વાહનો હવે નાગરિકો માટે સાક્ષાત યમરાજ બની ગયા છે. અગાઉ અકસ્માત કરી ચૂકેલા વાહનો અને તેના ચાલકો સામે કડક કાર્યવાહી કરવાને બદલે તેમને ખુલ્લા છૂટા મૂકી દેતી પોલીસ અને આરટીઓ સિસ્ટમ પણ આ માસૂમના મોત માટે એટલી જ જવાબદાર છે. શું માત્ર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધીને તંત્ર હાથ ઊંચા કરી લેશે? કે પછી આ ખૂની ડમ્પરના માલિક અને તેને નિયમો નેવે મૂકીને રોડ પર ફરવા દેનારા જવાબદાર અધિકારીઓ સામે પણ આકરી કાનૂની કાર્યવાહી થશે?

# પતિને ઓનલાઇન ગેમ રમતા રોકતાં છૂટાછેડાની ધમકી, 181ની સમજાવટથી દંપતી ફરી સાથે રહેવા તૈયાર

અમદાવાદ, સમીર પટેલ

પૂર્વમાં ઓનલાઈન ગેમની લતને કારણે પતિ-પત્ની વચ્ચે વિવાદ થતાં દામ્પત્યજીવન તૂટવાના આરે પહોંચી ગયું હતું. પીડિતા બીજી દીકરીની ડિલિવરી માટે પિયર ગઈ હતી ત્યારે પતિને ઓનલાઈન ગેમ રમવાની લત લાગી હતી. તેઓ ધંધા પરથી આવ્યા બાદ મોડી રાત સુધી ગેમ રમતા અને પત્ની તથા બંને બાળકીઓ પ્રત્યે પણ ધ્યાન આપતા ન હતા.

પીડિતાએ ગેમ રમવાથી રોકતાં પતિ છૂટાછેડાની ધમકી આપતા હતા. બંને પરિવારો દ્વારા સમજાવટ છતાં કોઈ પરિણામ ન આવતા પીડિતાએ 181 અભયમનો સંપર્ક કર્યો હતો. ટીમે પતિ-પત્નીનું કાઉન્સેલિંગ કરી લગ્નજીવનનું મહત્વ, બાળકીઓના ભવિષ્ય અને પરિવારની જવાબદારીઓ અંગે સમજ આપી હતી. પતિને ઓનલાઈન ગેમની લતથી થતા નુકસાન અંગે સમજાવટ સાથે કાયદાકીય માહિતી પણ આપવામાં આવી હતી.

સમજાવટ બાદ પતિએ ગેમની આદત છોડવા અને પોતામાં સુધારો લાવવા તૈયારી દર્શાવી હતી. પીડિતાએ પણ પતિને સમય આપવાની સંમતિ આપી હતી. અંતે પતિએ પત્ની અને બંને બાળકીઓને સાથે રાખવા સંમતિ આપતાં પીડિતા પણ પિયર છોડીને પતિ સાથે રહેવા તૈયાર થઈ હતી.

## અમદાવાદમાં સ્વચ્છતાનો મહાકુંભ!

# AMCનું સઘન અભિયાન : એક જ દિવસમાં 130 મેટ્રિક ટન કચરાનો નિકાલ

### શહેરના તમામ 7 ઝોન અને 48 વોર્ડમાં યોજાઇ 'સઘન સફાઈ ઝુંબેશ'– 1,500 કિલો સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત, મેયર અને જાગૃત નાગરિકોએ કર્યું શ્રમદાન!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા મહિનાના પ્રથમ રવિવારે સમગ્ર શહેરમાં એક અભૂતપૂર્વ 'સઘન સફાઈ ઝુંબેશ' હાથ ધરવામાં આવી હતી. ગુજરાત સરકારના પર્યાવરણીય સંતુલન, જળ સંરક્ષણ અને વૃક્ષારોપણના ત્રિવિધ મહાઅભિયાન અંતર્ગત યોજાયેલા આ સ્વચ્છતા યજ્ઞમાં આખું શહેર જોડાયું હતું. આ મહાસ્વચ્છતા અભિયાનની ખાસિયત એ રહી કે તેમાં માત્ર સરકારી તંત્ર જ નહીં, પરંતુ નાગરિકોએ પણ ખભેથી ખભા મિલાવીને કામ કર્યું. અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ સહિત વિવિધ મ્યુનિસિપલ કાઉન્સિલરો અને ૧,૨૬૭થી વધુ



જાગૃત નાગરિકોએ સ્વયંભૂ શ્રમદાન આપીને સક્રિય ભાગીદારી નોંધાવી હતી. શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોને સ્વચ્છ બનાવવા માટે સ્ટાફે હાઈ-પ્રેશર જેટ અને ડીપ-ક્લિનિંગ ટેકનિકનો ઉપયોગ કરીને ભગીરથ કાર્ય કર્યું હતું. એસ.જી. હાઈવે સહિત શહેરના ૧૪ મુખ્ય એન્ટ્રી પોઈન્ટ્સ અને ૪૮ મુખ્ય ટ્રાફિક સર્કલોની સફાઈ કરાઈ.

કાંકરિયા લેકફ્રન્ટ, રિવરફ્રન્ટ અને સાયન્સ સિટી જેવા ૧૬ પ્રખ્યાત પ્રવાસન સ્થળો તેમજ સંસ્કાર કેન્દ્ર સહિત ૦૭ મ્યુઝિયમોમાં સઘન સફાઈ કરવામાં આવી. આ હોલસેલ સફાઈ ડ્રાઈવના અંતે અંદાજે ૧૩૦ મેટ્રિક ટન ઘન કચરો એકત્ર કરીને તેને તાત્કાલિક પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે રવાના કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પર્યાવરણને નુકસાન પહોંચાડતા પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે આકરી કાર્યવાહી કરીને ૧,૫૦૦ કિલોગ્રામ પ્લાસ્ટિક વેસ્ટ જપ્ત કરવામાં આવ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI